

PRGI No. GUJGUJ/2008/26148

# ગરવી ગુજરાત

ગરવી ગુજરાત

PUBLISHED GUJARATI DAILY FROM AHMEDABAD

Volume : 18
Issue : 308
Dt.: 19-07-2026,
Sunday
Page : 04
Rs.00.50 paisa

### 3D પ્રિન્ટેડ એન્જિનની તાકાતથી સ્કાઈરૂટે ઈતિહાસ રચ્યો

## ભારતનું પહેલું પ્રાઈવેટ ઓર્બિટલ રોકેટ "વિક્રમ-૧" શ્રીહરિકોટાથી સફળતાપૂર્વક લોન્ચ

**મિશન આગમન હેઠળ આ ૭ માળ જેટલા ઊંચા રોકેટને ખુબ જ હળવા ઓલ કાર્બન કમ્પોઝિટ માળખા અને અત્યાધુનિક ૩ડી પ્રિન્ટેડ એન્જિનથી તૈયાર કરાયું છે**



(સંપૂર્ણ સમાચાર સેવા)શ્રીહરિકોટા

ભારતની ખાનગી સ્પેસ કંપની સ્કાયરૂટ એરોસ્પેસે આજે એક મોટી ઉપલબ્ધિ મેળવી છે.

કંપનીનું વિક્રમ-૧ રોકેટ શ્રીહરિકોટાના સતીષ ધવન સ્પેસ સેન્ટરથી સફળતાપૂર્વક લોન્ચ થયું. આ ભારતના પ્રાઈવેટ સેક્ટરનું પહેલું ઓર્બિટલ રોકેટ લોન્ચિંગમાંથી એક છે, જેણે આખા દેશને ગર્વની અનુભૂતિ કરવાની તક આપી છે.

નિર્ધારિત સમય ૧૧.૩૦ કરતા થોડું મોડું ૧૨.૦૫ કલાકે વિક્રમ-૧ને લોન્ચ કરાયું. રોકેટે નિર્ધારિત સમય પર તમામ તબક્કા પસાર કર્યા. ઉપગ્રહને યોગ્ય ઓર્બિટમાં સ્થાપિત કર્યા. ઈસરોના વૈજ્ઞાનિકોએ આ સમગ્ર પ્રક્રિયાને મોનિટર કરી. આ મિશનનું નામ આગમન રાખવામાં આવ્યું છે.

આ લોન્ચ ફક્ત સ્કાયરૂટ માટે જ નહીં પરંતુ ભારતના આખા પ્રાઈવેટ સેક્ટર માટે એક મોટી તક છે. વર્ષ ૨૦૨૦માં સરકારે સ્પેસ સેક્ટરમાં મોટા ફેરફાર કર્યા હતા. ત્યારબાદ ખાનગી કંપનીઓને પણ રોકેટ, સેટેલાઈટ, અને લોન્ચ સર્વિસ પર કામ કરવાની મંજૂરી મળી.

સ્કાયરૂટ આ અગાઉ ૨૦૨૨માં વિક્રમ-એસ નામનું સબ ઓર્બિટલ રોકેટ પણ લોન્ચ કરી ચૂકી છે. પરંતુ તે મિશનમાં સેટેલાઈટને ઓર્બિટમાં મોકલાયો નહતો. આ વખતે લક્ષ્ય અલગ હતું. વિક્રમ-૧ અનેક ગ્રાહકોના નાના સેટેલાઈટને પૃથ્વીથી લગભગ ૪૫૦ કિમીની ઊંચાઈએ લો અર્થ ઓર્બિટમાં પહોંચાડશે. આ ત્રણ ડેવલપમેન્ટ મિશનોમાં પહેલું મિશન હશે. ત્યારબાદ રોકેટને નિયમિત કોમર્શિયલ લોન્ચ માટે તૈયાર કરાશે. સબ ઓર્બિટલ અને ઓર્બિટલ રોકેટમાં મોટો ફરક હોય છે. સબ ઓર્બિટલ રોકેટ અંતરીક્ષ સુધી જઈને પાછું ફરે છે. પરંતુ ઓર્બિટલ રોકેટ સેટેલાઈટને એટલી તેજ રફતાર આપે છે કે તે પૃથ્વીની ઓર્બિટમાં ઘૂમતું રહે છે. જો વિક્રમ-૧ સફળ રહ્યું તો પહેલીવાર કોઈ ભારતીય પ્રાઈવેટ કંપનીનું રોકેટ આ કામ કરશે.

વિક્રમ-૧ ચાર તબક્કાવાળું રોકેટ છે. પહેલાના ત્રણ તબક્કામાં ઠોસ ઈંધણનો ઉપયોગ કરાયો હતો. ચોથા તબક્કામાં લિકવિડ ફ્યૂલ એન્જિન લાગેલું છે જેને જરૂર પડ્યે ફરીથી ચાલુ કરી શકાય છે. તેનાથી સેટેલાઈટને તેની નિર્ધારિત ઓર્બિટમાં વધુ યોગ્ય જગ્યા પર પહોંચાડવામાં મદદ મળે છે. આ રોકેટ ખાસ કરીને નાના સેટેલાઈટ લોન્ચ કરવા માટે બનાવવામાં આવ્યું છે. સ્કાયરૂટ એરોસ્પેસની શરૂઆત ૨૦૧૮માં ઈસરોના પૂર્વ એન્જિનિયર પવનકુમાર ચંદાના અને નાગા ભરત ડાકાએ કરી હતી.

૨૦૨૦માં સ્પેસ સેક્ટર ખુલ્યા બાદ કંપનીએ ઓર્બિટલ રોકેટ બનાવવા પર ઝડપથી કામ કર્યું. હવે વિક્રમ-૧ તે સફરનો મહત્વનો પડાવ છે.

મિશનની સફળતાથી ભારતના પ્રાઈવેટ સ્પેસ સેક્ટરને મોટી મજબૂતી મળશે અને ભવિષ્યમાં દેશથી મોટા કોમર્શિયલ સેટેલાઈટ લોન્ચ થઈ શકશે. આ લોન્ચ પર સમગ્ર દેશની નજર હતી. કારણ કે તે ભારતના પ્રાઈવેટ સ્પેસ સેક્ટરની અત્યાર સુધીમાં સૌથી મોટી પરીક્ષા ગણાઈ રહી હતી. સબ-ઓર્બિટલ અને ઓર્બિટલ રોકેટ વચ્ચે મોટો તફાવત હોય છે. સબ-ઓર્બિટલ રોકેટ માત્ર અવકાશની સરહદ સુધી પહોંચીને પૃથ્વી પર પાછું ફરે છે. જ્યારે ઓર્બિટલ રોકેટ ઉપગ્રહ (સેટેલાઈટ)ને એટલી પ્રચંડ ગતિ અને વેગ આપે છે કે તે પૃથ્વીની ભ્રમણકક્ષામાં સ્થાપિત થઈને સતત ચક્કર લગાવતો રહે છે.

વિક્રમ-૧ની આ સફળતા સાથે જ, ભારતની કોઈ ખાનગી સ્પેસ કંપનીએ ઓર્બિટલ સેટેલાઈટ લોન્ચ કરવાની સિદ્ધિ મેળવી હોય તેવો આ પ્રથમ ઐતિહાસિક કિસ્સો બન્યો છે. સ્પેસ ક્ષેત્રે આ ઐતિહાસિક સિદ્ધિ બાદ વડાપ્રધાન મોદી ખુશ-ખુશ થઈ ગયા હતા અને તેમણે આ સફળ અભિયાનમાં સામેલ ટીમને શુભેચ્છાઓ પાઠવી હતી. પીએમ મોદીએ ટીમને સામેથી ફોન કર્યો હતો.

### સોશિયલ મીડિયા પર વાયરલ થઈ ધમકી ભરી પોસ્ટ

## સલમાન પછી આમિર ખાન બિશ્નોઈ ગેંગના નિશાન પર?

### આમિર ખાનને લવ જેહાદ મામલે ધમકી આપવામાં આવી

(સંપૂર્ણ સમાચાર સેવા)મુંબઈ

બિશ્નોઈ ગેંગ તરફથી અત્યાર સુધીમાં સલમાન ખાનને અનેક વખત ધમકી મળી ચૂકી છે પરંતુ હવે આ ગેંગના નિશાના પર આમિર ખાન પણ આવી ગયો છે. આમિર ખાનના ત્રીજા લગ્ન પછી સતત તેનું નામ ચર્ચામાં રહે છે. હવે લોરેન્સ બિશ્નોઈ ગેંગ તરફથી પણ આમિર ખાનને ધમકી મળી હોવાની ચર્ચાઓ તેજ થઈ છે. આ ચર્ચાઓ એટલા માટે થઈ રહી છે કે સોશિયલ મીડિયા પર બિશ્નોઈ ગેંગ ના નામથી એક પોસ્ટ વાઈરલ થઈ છે, જેમાં આમિર ખાનને લવ જેહાદ મામલે ધમકી આપવામાં આવી છે. જોકે આ પોસ્ટની પુષ્ટિ હજી સુધી થઈ નથી.

સોશિયલ મીડિયા પર બિશ્નોઈ ગેંગના નામથી એક પોસ્ટ વાઈરલ થઈ છે જેમાં લખવામાં આવ્યું છે કે આમિર ખાન દેશની સંસ્કૃતિ અને સનાતન ધર્મ વિરુદ્ધ કામ કરે છે અને લવ જેહાદને પ્રોત્સાહન આપે છે. આ પોસ્ટમાં ધમકી ભર્યા અંદાજમાં લખવામાં આવ્યું છે કે આ પ્રકારની ગતિવિધિને જે પણ વ્યક્તિ પ્રોત્સાહન આપશે તેને જવાબ આપવામાં આવશે. સાથે જ પોસ્ટમાં એવું લખવામાં આવ્યું છે કે સ્ટારડમ ના નામે ખોટી વસ્તુઓને પ્રોત્સાહન આપનાર વ્યક્તિને છોડવામાં નહીં આવે.

સોશિયલ મીડિયા પર જે પોસ્ટ વાઈરલ થઈ છે તેમાં પરવેશ અને હિમાંશુ નામનો ઉલ્લેખ કરીને તેમને શ્રદ્ધાંજલિ આપતા એવું લખવામાં આવ્યું છે કે તેમના બલિદાનને વ્યર્થ જવા દેવામાં નહીં આવે તેના દુશ્મનોને જવાબ આપવામાં આવશે. સાથે જ વાયરલ પોસ્ટમાં તાજેતરમાં જ રાજસ્થાનના શ્રીગંગાધર નગરમાં સગીરા સાથે બનેલી ઘટનાનો ઉલ્લેખ પણ કરવામાં આવ્યો છે. પોસ્ટમાં લખવામાં આવ્યું છે કે આરોપીઓને બચાવવાનો પ્રયત્ન કરતા કોઈપણ વ્યક્તિને છોડવામાં નહીં આવે. સોશિયલ મીડિયા પર આમિર ખાનના ત્રીજા લગ્નની વાતને લઈને ધમકી ભરી પોસ્ટ વાઈરલ થતા ખડભડાટ મચ્યો છે પરંતુ હજુ સુધી એ વાતની પુષ્ટિ થઈ નથી કે વાયરલ થયેલી પોસ્ટ બિશ્નોઈ ગેંગ તરફથી જ શેર કરવામાં આવી છે કે નહીં. સોશિયલ મીડિયા પર વાયરલ થયેલી આ પ્રકારની પોસ્ટની પુષ્ટિ ન થાય ત્યાં સુધી તેના પર વિશ્વાસ કરવો યોગ્ય નથી. આવા મામલામાં જ્યારે તપાસ એજન્સી કોઈ સત્તાવાર જાણકારી શેર કરે ત્યારે જ તેના પર વિશ્વાસ ન કરવો જોઈએ.

### ભારતીય સૈન્યનો જડબાતોડ જવાબ આપ્યો

## ઓપરેશન સિંદૂર બાદ પહેલીવાર LoC ઉપર ભારે ગોળીબાર

(સંપૂર્ણ સમાચાર સેવા)નવી દિલ્હી

જમ્મુ-કાશ્મીરમાં સતત બગડતી પરિસ્થિતિ અને જનતાના વિરોધ પ્રદર્શનથી દેશ અને દુનિયાનું ધ્યાન ભટકાવવા માટે પાકિસ્તાની સેનાએ ફરી એકવાર સરહદ પર ફરી એક નવો પેંતરો રચ્યો છે. શુક્રવારે મોડી રાત્રે જમ્મુ-કાશ્મીરના રાજૌરી જિલ્લામાં લાઈન ઓફ કંટ્રોલ પર પાકિસ્તાન તરફથી ભારે ફાયરિંગ કરવામાં આવ્યું હતું. ભારતીય સેનાએ પણ આ ઉશ્કેરણીજનક ગોળીબારનો સામનો કરતા પાકિસ્તાનને તેની જ ભાષામાં જડબાતોડ જવાબ આપ્યો છે.મળતી માહિતી મુજબ, શુક્રવારે રાત્રે આશરે ૧૦થી ૧૧ વાગ્યાની આસપાસ રાજૌરી જિલ્લાના તરકુંડી ફોરવર્ડ એરિયામાં પાકિસ્તાની સેના દ્વારા નાના હથિયારોથી અચાનક ભારે ગોળીબાર શરૂ કરી દેવામાં આવ્યો હતો. શરૂઆતમાં ભારતીય સેનાએ તેને માત્ર એક ઉશ્કેરણીજનક પ્રવૃત્તિ ગણીને ભારે સંયમ જાળવ્યો હતો. પરંતુ જ્યારે સરહદ પારથી ફાયરિંગ વધુ તેજ થયું, ત્યારે ભારતીય જવાનોએ પણ મોરચો સંભાળી લીધો અને પાકિસ્તાની ચોકીઓ પર જોરદાર વળતો પ્રહાર કર્યો હતો. આ ગોળીબાર મોડી રાત સુધી અટકતા-અટકતા ચાલુ રહ્યો હતો.

જો કે, આ ઘટનામાં કોઈ જાનહાનિના અહેવાલ નથી.સૈન્ય અધિકારીઓના જણાવ્યા અનુસાર, બોર્ડર પર તહેનાત ભારતીય જવાનોએ રાત્રિના સમયે સરહદ પારથી કેટલાક શંકાસ્પદ આતંકીઓની હિલચાલ જોઈ હતી. આતંકીઓ ભારતીય સરહદમાં ઘૂસણખોરી કરવાનો પ્રયાસ કરી રહ્યા હોવાની આશંકા જણાતા જ સેનાએ તાબડતોબ ફાયરિંગ શરૂ કર્યું હતું. ત્યારબાદ પાકિસ્તાની સેનાએ આતંકીઓને કવર ફાયર આપવા માટે પોતાના તરફથી નાના હથિયારો વડે બ્લાઈન્ડ ફાયરિંગ શરૂ કરી દીધું હતું. સરહદ પર તહેનાત સૈન્ય અધિકારીઓ હાલ સમગ્ર સ્થિતિ પર બારીકાઈથી નજર રાખી રહ્યા છે. ગયા વર્ષે સરહદ પર થયેલા 'ઓપરેશન સિંદૂર' બાદ આ પહેલીવાર છે જ્યારે બંને દેશો વચ્ચે આટલી ભારે માત્રામાં ગોળીબાર થયો હોય. આ પહેલા પણ પાકિસ્તાન દ્વારા ઘણી વખત સીમા પારથી ઘૂસણખોરી કરાવવાના પ્રયાસો થયા છે, જેને ભારતીય સેનાના જવાનોએ હંમેશા નિષ્ફળ બનાવ્યા છે. રાત્રિના સમયે થયેલા આ ફાયરિંગ બાદ શનિવારે સવારથી જ ભારતીય સેના દ્વારા સમગ્ર વિસ્તારમાં મોટા પાયે સર્ચ ઓપરેશન શરૂ કરી દેવામાં આવ્યું છે.

### પત્નીએ કહ્યું ૨૦ જુલાઈએ સંસદ માર્ચ થઈને જ રહેશે

## હોસ્પિટલમાં પણ સોનમ વાંગચુકના ઉપવાસ યથાવત

(સંપૂર્ણ સમાચાર સેવા)નવી દિલ્હી

દિલ્હીના જંતર-મંતર પર દેશની શિક્ષણ વ્યવસ્થામાં સુધારા અને NEET પેપર લીક વિવાદ મુદ્દે છેલ્લા ૨૦ દિવસથી આમરણ અનશન પર બેઠેલા પ્રખ્યાત ક્લાઈમેટ એક્ટિવિસ્ટ સોનમ વાંગચુકને દિલ્હી પોલીસે સવારે સફદરજંગ હોસ્પિટલમાં ખસેડ્યા છે.

આ ઘટના બાદ આંદોલન વધુ ઉગ્ર બન્યું છે. સોનમ વાંગચુકના પત્ની ગીતાંજલિ જે. આંગમોએ હોસ્પિટલ બહાર પત્રકારો સાથે વાતચીત કરતા સ્પષ્ટ કર્યું છે કે, વાંગચુકને હોસ્પિટલમાં દાખલ કરવા છતાં તેમનું અનશન ચાલુ જ છે અને આગામી ૨૦ જુલાઈએ યોજાનારી સંસદ માર્ચ પોતાના નિર્ધારિત સમય મુજબ જ આગળ વધશે.

ગીતાંજલિ જે. આંગમોએ જણાવ્યું કે, ૨૦ જુલાઈએ સંસદ તરફ યોજાનારી માર્ચ સંપૂર્ણપણે યથાવત છે. શિક્ષણ પ્રણાલીમાં ફેરફાર કરવો એ વહીવટીતંત્ર અને નીતિ ઘડવૈયાઓની જવાબદારી છે. આપણું કામ માત્ર તેમને એ જણાવવાનું છે કે વર્તમાન સિસ્ટમ સંપૂર્ણપણે પડી ભાંગી છે. આ આંદોલન હવે માત્ર NEET પેપર લીક પૂરતું મર્યાદિત નથી રહ્યું. આ આખી શિક્ષણ વ્યવસ્થામાં સુધારા માટેની વ્યાપક ઝુંબેશ બની ચૂકી છે. આ મુવમેન્ટ સમગ્ર દેશના અંતરાત્માને જગાડવા માટે છે, અને તે ઘણી હદ સુધી જાગી પણ ચૂક્યો છે.

હોસ્પિટલ દ્વારા સોનમ વાંગચુકને ગ્લુકોઝ અથવા ઈલેક્ટ્રોલાઈટ પાવડર આપવાની સલાહ આપવામાં આવી હતી, પરંતુ વાંગચુક પોતાના નિર્ણય પર અડગ રહ્યા છે અને તેમણે કોઈપણ પ્રકારની શુગર કે પાવડર લેવાનો સ્પષ્ટ ઈનકાર કરી દીધો છે. તેઓ છેલ્લા ૨૦ દિવસથી માત્ર મીઠાવાળું પાણી પીને જ પોતાનું આંદોલન ચલાવી રહ્યા છે. ગીતાંજલિએ ઉમેર્યું કે, સતત ઉપવાસના કારણે તેમના સ્નાયુઓ નબળા પડ્યા છે અને શરીરમાં અશક્તિ છે, પરંતુ માનસિક રીતે તેઓ અત્યંત મજબૂત અને સજાગ છે.

વાંગચુકના પરિવારે દિલ્હી પોલીસ દ્વારા તેમને હોસ્પિટલમાં દાખલ કરવાની પ્રક્રિયા સામે કાનૂની સવાલો ઉઠાવ્યા છે.

હાઈકોર્ટના આદેશનો ઉલ્લેખ કરતા ગીતાંજલિએ કહ્યું કે, કોર્ટે ક્યારેય હોસ્પિટલમાં દાખલ કરવાનો આદેશ આપ્યો નહોતો. કોર્ટે માત્ર એટલું જ કહ્યું હતું કે વ્યક્તિનું આરોગ્ય સર્વોપરી છે અને નિયમિત અંતરે તેની તપાસ થવી જોઈએ. આ ઉપરાંત હોસ્પિટલ દ્વારા આપવામાં આવેલા રિપોર્ટ પર પણ શંકા વ્યક્ત કરવામાં આવી છે.

ગઈકાલે તેમનું પોટેશિયમ લેવલ ૪.૩ હતું, તો આજે અચાનક તે ઘટીને ૨.૯ કેવી રીતે થઈ શકે? સરકાર જે આંકડા ટાંકી રહી છે તેની સત્યતા તપાસવા માટે અમે બહારની સ્વતંત્ર લેબોરેટરીમાંથી ટેસ્ટ કરાવીશું. કોઈપણ દવા આપતા પહેલાં અમે રિપોર્ટ્સની સ્વતંત્ર ચકાસણી કરવા માંગીએ છીએ. - ગીતાંજલિ જે. આંગમો બીજી તરફ, સફદરજંગ હોસ્પિટલના મેડિકલ સુપ્રિટેન્ડન્ટ ડો. ચારુ બામ્બાએ જણાવ્યું હતું કે સોનમ વાંગચુક સવારે ૭:૪૦ વાગ્યે હોસ્પિટલ આવ્યા હતા. લાંબા ઉપવાસના કારણે તેમને સામાન્ય ડીહાઈડ્રેશન અને નબળાઈ છે, પરંતુ તેમના બાકીના તમામ વાઈટલ પેરામીટર્સ સ્થિર છે અને સતત મોનિટરિંગ હેઠળ સારવાર ચાલી રહી છે. દિલ્હી પોલીસનું કહેવું છે કે તબિયત લથડવાના કારણે મેડિકલ એડવાઈઝ અને હાઈકોર્ટના નિર્દેશો મુજબ જ તેમને શિફ્ટ કરાયા છે.

## ટ્રમ્પનો નવો વિવાદિત પ્લાન: અમેરિકામાં ૧.૫ લાખ ભારતીય ટ્રક ડ્રાઈવરોની નોકરી પર સંકટ

### સેનામાં ભારે વાહનો ચલાવવાનો અનુભવ ધરાવતા અમેરિકી નાગરિકોને કોઈ પણ ઝંઝટ વિના કોમર્શિયલ ડ્રાઈવિંગ લાઈસન્સ અપાશે



(સંપૂર્ણ સમાચાર સેવા)નવી દિલ્હી

અમેરિકન પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે પ્રવાસીઓને લઈને એક નવો અને અત્યંત વિવાદિત પ્રસ્તાવ રજૂ કર્યો છે, જેની સીધી અસર ત્યાં વસતા લાખો ભારતીય પ્રવાસીઓ પર પડશે. પૅન્સિલવેનિયામાં આયોજિત 'મિલિટરી ઈન્વેસ્ટમેન્ટ સમિટ'માં સંબોધન કરતાં ટ્રમ્પે જાહેરાત કરી છે કે તેમની સરકાર પ્રવાસી ટ્રક ડ્રાઈવરોને હટાવીને તેમની જગ્યાએ અમેરિકન સેનાના નિવૃત્ત સૈનિકોને તૈનાત કરશે.

આ પ્રસ્તાવ હેઠળ, સેનામાં ભારે વાહનો ચલાવવાનો અનુભવ ધરાવતા અમેરિકી નાગરિકોને કોઈ પણ ઝંઝટ વિના સીધું જ કોમર્શિયલ ડ્રાઈવિંગ લાઈસન્સ આપી દેવામાં આવશે.રાષ્ટ્રપતિ ટ્રમ્પે આરોપ લગાવ્યો છે કે પ્રવાસી ડ્રાઈવરોમાંથી મોટા ભાગના નશાની લતમાં ડૂબેલા હોય છે અને રસ્તા પરના સાઈન બોર્ડ પણ વાંચી શકતા નથી, જેના કારણે અકસ્માતોમાં લોકોના જીવ જઈ રહ્યા છે. ટ્રમ્પ પ્રશાસન આ દિશામાં પહેલાથી જ મોટો ક્રેકડાઉન કરી રહ્યું છે. અહેવાલો અનુસાર, ચાલુ વર્ષના માર્ચ મહિનામાં જ નવા નિયમો હેઠળ અંદાજે બે લાખ જેટલા પ્રવાસી ડ્રાઈવરોના કોમર્શિયલ લાઈસન્સ રદ કરી દેવામાં આવ્યા છે, જેમની પાસે અગાઉ અમેરિકામાં રહેવા અને કામ કરવાના કાનૂની દસ્તાવેજો હતા.તાજેતરના વર્ષોમાં અમેરિકન નાગરિકો આ ક્ષેત્રથી દૂર થતાં પ્રવાસીઓ માટે ટ્રક ડ્રાઈવિંગ કમાણીનું એક મુખ્ય સાધન બન્યું હતું. 'નોર્થ અમેરિકન પંજાબી ટ્રકર્સ એસોસિએશન' ના આંકડા અનુસાર, હાલમાં અમેરિકામાં આશરે ૧.૩ થી ૧.૫ લાખ ટ્રક ડ્રાઈવરો પંજાબ અને હરિયાણા મૂળના છે. જો ટ્રમ્પનો આ નવો પ્રસ્તાવ સંપૂર્ણપણે લાગુ થશે, તો આ હજારો ભારતીય પરિવારોની રોજીરોટી પર સીધું સંકટ આવી જશે. ભારતીય મૂળના ડ્રાઈવરો પહેલાથી જ ફરજિયાત અંગ્રેજી કાર્યક્ષમતા કસોટી અને નવા કડક કાયદાઓની માર ઝીલી રહ્યા છે, તેમાં આ નિર્ણય મુશ્કેલીઓ વધારે વધારશે.

## રાયપુરમાં એક જ ઘર પરિવારના પાંચ લોકોના મૃતદેહ મળ્યા

(સંપૂર્ણ સમાચાર સેવા)રાયપુર

છત્તીસગઢની રાજધાની રાયપુરના ટિકરાપારા પોલીસ સ્ટેશન વિસ્તાર હેઠળ આવેલા સંજય નગરમાંથી શુક્રવારે એક અત્યંત ચોંકાવનારી ઘટના સામે આવી છે.

અહીં એક જ મકાનમાંથી એક જ પરિવારના ૫ સભ્યોના મૃતદેહ મળી આવતાં સમગ્ર વિસ્તારમાં ભારે સનસનાટી ફેલાઈ ગઈ છે.

ઘટનાની જાણ થતાં જ ટિકરાપારા પોલીસ, વરિષ્ઠ પોલીસ અધિકારીઓ અને ફોરેન્સિકની ટીમ તાત્કાલિક ઘટનાસ્થળે દોડી ગઈ હતી અને તપાસનો ધમધમાટ શરૂ કર્યો છે. પ્રાથમિક દ્રષ્ટિએ આ સામૂહિક આત્મહત્યાનો મામલો હોવાનું લાગી રહ્યું છે.પોલીસ અને એફએસએલની ટીમ જ્યારે ઘટનાસ્થળે પહોંચી ત્યારે અંદરનું દ્રશ્ય હબકાવી દે તેવું હતું. પરિવારના ચાર સભ્યો કોમા જેવી ગંભીર સ્થિતિમાં પડ્યા હતા અને તેમના મોઢામાંથી ફીણ નીકળી રહ્યું હતું, જ્યારે પરિવારનો મુખ્ય સભ્ય સાજિદ ગંભીર હાલતમાં તરફડી રહ્યો હતો. જોકે, તમામ ૫ સભ્યોના કરુણ મોત નીપજ્યા છે.

તપાસ દરમિયાન પોલીસને ઘટનાસ્થળેથી કેટલીક ચિઠ્ઠીઓ મળી આવી છે, જેમાં કોઈ યુવતીને બોલાવવાનો અને એક સંબંધીના ફોન નંબરનો ઉપયોગ કરવાનો ઉલ્લેખ કરાયો છે. આ ચિઠ્ઠીઓએ સમગ્ર મામલામાં રહસ્ય વધારી દીધું છે.




# તંત્રી લેખ......

## અમેરિકાથી કુદરત રૂઠી, જંગલોમાં આગ વચ્ચે પૂરનો કહેર પણ જારી

અમેરિકા આ સમયે કુદરતના ત્રિપલ એટેક એટલે કે એકસાથે ત્રણ મોટી કુદરતી આપત્તિઓનો સામનો કરી રહ્યું છે. દેશના અલગ-અલગ ભાગોમાં પૂર, જંગલોની આગ અને ઝેરી ધુમ્મસના કારણે હાહાકાર મચી ગયો છે. સ્થિતિ એટલી ગંભીર છે કે વહીવટીતંત્ર દ્વારા કરોડો લોકોને ઘરોની અંદર જ રહેવાની કડક સલાહ આપવામાં આવી છે.

અમેરિકાના ટેક્સાસ રાજ્યના હિલ કન્ટ્રી વિસ્તારમાં છેલ્લા ત્રણ દિવસથી સતત થઈ રહેલા ભારે વરસાદે તબાહી મચાવી છે.

મંગળવારથી અત્યાર સુધીમાં કેટલાક વિસ્તારોમાં ૨૭ ઈંચ કરતા પણ વધુ વરસાદ નોંધાયો છે, જેના કારણે પૂર જેવી ગંભીર સ્થિતિ સર્જાઈ છે. આ પૂરમાં અત્યાર સુધીમાં ૨ લોકોના મોતના અહેવાલ છે, જ્યારે સેંકડો લોકોને સુરક્ષિત સ્થળોએ ખસેડવામાં આવ્યા છે. નદીઓનું જળસ્તર સતત વધી રહ્યું હોવાથી સત્તાવાળાઓએ આગામી સમયમાં સ્થિતિ વધુ વણસવાની ચેતવણી આપી છે. બીજી તરફ, અમેરિકાના ૧૫ રાજ્યોના જંગલોમાં લાગેલી આગ સંપૂર્ણપણે બેકાબૂ બની ગઈ છે. અમેરિકન એજન્સી નેશનલ ઈન્ટરએજન્સી ફાયર સેન્ટર (NIFC)ના જણાવ્યા અનુસાર, દેશભરમાં આ સમયે ૬૮ મોટા જંગલો આગની ઝપેટમાં છે. પેસિફિક નોર્થવેસ્ટ ક્ષેત્રમાં વીજળી પડવાના કારણે અચાનક ૧૭ નવી જગ્યાએ આગ ફાટી નીકળી હતી. આ ભયાનક આગ પર કાબૂ મેળવવા માટે ૧૭,૪૦૦થી વધુ ફાયર ફાઈટર્સ અને સૈનિકો, ૧૪૦ હેલિકોપ્ટર તેમજ ૪ મિલિટરી C-130 એર ટેક્ર્સ તહેનાત કરવામાં આવ્યા છે. આ વર્ષે અત્યાર સુધીમાં આશરે ૩૭.૨ લાખ એકર જમીન બળીને ખાખ થઈ ગઈ છે. આ બે આપત્તિઓ વચ્ચે કેનેડાના જંગલોની આગમાંથી નીકળેલા ધુમાડાએ અમેરિકાના મિડવેસ્ટ, નોર્થઈસ્ટ અને વોશિંગ્ટન ડીસી સહિતના પૂર્વીય ભાગોને પોતાની ઝપેટમાં લઈ લીધા છે. પરિણામે ૧૦ કરોડથી વધુ લોકો ઝેરી ધુમ્મસની અસર હેઠળ આવ્યા છે અને ત્યાં એર ક્વોલિટી એલર્ટ જાહેર કરવામાં આવ્યું છે. શિકાગોની હવા વિશ્વની બીજા નંબરની સૌથી પ્રદૂષિત હવા નોંધાતા ત્યાંના તમામ પાર્ક અને બીચને અસ્થાયી ધોરણે બંધ કરી દેવામાં આવ્યા છે. હવામાન વૈજ્ઞાનિકોના મતે, આ ત્રણેય આપત્તિઓ અલગ-અલગ નથી પરંતુ ગ્લોબલ વોર્મિંગ અને ક્લાયમેટ ચેન્જનો જ એક ભાગ છે. વધતા જતા વૈશ્વિક તાપમાનને કારણે એક તરફ દુષ્કાળ અને જંગલોની આગ વધી રહી છે, તો બીજી તરફ વાતાવરણમાં ભેજ વધવાના કારણે રેકોર્ડબ્રેક વરસાદ અને પૂરની ઘટનાઓ સામે આવી રહી છે. નિષ્ણાતોએ ચેતવણી આપી છે કે જો આ સ્થિતિ પર નિયંત્રણ મેળવવામાં નહીં આવે, તો આગામી વર્ષોમાં આવી સંયુક્ત કુદરતી આપત્તિઓ વધુ સામાન્ય બની જશે.

## ઉમરગામની આશ્રમ શાળામાં લાપરવાહીઃ મારપીટથી કંટાળી મધરાતે શાળા છોડી ભાગ્યા બે વિદ્યાર્થીઓ





પ્રતિનિધિ,ગાંધીનગર
તસવીર યુનુસ મેમણ

શિક્ષણના પવિત્રધામ ગણાતી આશ્રમ શાળાઓ જયારે વિવાદમાં આવે ત્યારે વાલીઓ અને સમાજમાં ભારે ચિંતા ફેલાઈ જાય છે. તાજેતરમાં ઉમરગામ તાલુકાના માણેકપુર ગામમાં આવેલી આશ્રમ શાળામાં કંઈક આવી જ ચોકાવનારી ઘટના બનવા પામી છે. શાળામાં મળતી સુવિધાઓ અને શિક્ષકોના વર્તનથી કંટાળીને બે નાના વિદ્યાર્થીઓએ મધરાતે શાળાની દિવાલો કુદીને ઘરે નિકળી જવાનો માર્ગ પસંદ કર્યો, જેણે સમગ્ર શિક્ષણ તંત્રની પોલ ખોલી નાખી છે. ઘટનાની માહિતી મુજબ મોડી રાત્રે અંદાજે રાત્રે ૧૨ થી ૧ વાગ્યાના અરસામાં માણેકપુર ગામના સ્થાનિક અગ્રણીઓ લાલભાઈ અને કમલેશભાઈ જયારે પોતાના વિસ્તારમાંથી પસાર થઈ રહ્યા હતા ત્યારે તેમને બે નાના બાળકો અંધારામાં એકલા ભટકતા જોવા મળ્યા હતા. આટલી મોડી રાત્રે બાળકોને એકલા જોઈને તેમને આશ્ચર્ય થયુ હતું. તાત્કાલીક તેમણે બાળકોને રોકીને પુછપરછ કરી હતી. જેમાં બાળકોએ આપેલી હકીકતે સૌને સ્તબ્ધ કરી દીધા હતા. બાળકોએ જણાવ્યુ હતુ કે તેઓ માણેકપુર આશ્રમ શાળાના વિદ્યાર્થીઓ છે અને શાળાના શિક્ષકોના ત્રાસથી બચવા માટે તેઓ જીવના જોખમે રાત્રે શાળમાંથી બહાર નિકળીને ઘરે જવા નિકળ્યા છે. બાળકોએ શાળા તંત્ર અને શિક્ષકોની કામગીરી સામે ગંભીર આક્ષેપો કર્યા છે. વિદ્યાર્થીઓના જણાવ્યા મુજબ શાળામાં તેમને ભણતરની સાથે ઘરકામ પણ ફરજીયાતપણે કરાવવામાં આવે છે. બાળકોએ આક્ષેપ કર્યો છે કે તેમની અલગ અલગ ટુકડીઓ બનાવીને શાળામાં સફાઈ કરાવવી, જાતે રોટલી બનાવવી અને અન્ય શારીરિક મહેનતના કામો કરાવવામાં આવે છે. સૌથી વધુ આઘાતજનક વાત એ છે કે આ કામમાં નાની એવી ભુલ થાય તો પણ બાળકોને શિક્ષકો દ્વારા નિર્દયતાથી માર મારવામાં આવે છે. મયંક નામના શિક્ષકનુ નામ લેતા બાળકોએ જણાવ્યુ હતુ કે તેમના મારના ડર થી તેઓ શાળામાં રહેવાને બદલે રાત્રે ઘરે ભાગી જવાનુ જોખમ ઉઠાવ્યુ હતું.

સ્થાનિક આગેવાનોએ સમય સુચકતા વાપરીને તાત્કાલીક ઉમરગામ પોલીસનો સંપર્ક કર્યો હતો. પોલીસની ટીમ ઘટનાસ્થળે પહોચી અને બંને બાળકોને પોતાની સુરક્ષિત કસ્ટડીમાં લીધા હતા. આ ઘટનાબાદ શાળાની સુરક્ષા વ્યવસ્થા પર અનેક સવાલો ઉભા થયા છે. શાળાના ગેટ પર ચોકીદાર હોવા છતાં કે સીસીટીવી દેખરેખ હોવા છતા બે બાળકો મધરાતે શાળમાંથી નિકળી ગયા અને તંત્રને ખબર પણ ન પડે, તે શાળાની ગંભીર બેદરકારી સુચવે છે જયારે આ મામલે આશ્રમ શાળાના પ્રમુખનો સંપર્ક કરવામાં આવ્યો ત્યારે તેમણે પોતાની લાચારી વ્યકત કરતા જણાવ્યુ હતુ કે શાળામાં પુરતો સ્ટાફ નથી અને સરકાર તરફથી મળતી સુવિધાઓ પણ અપુરતી છે. જેના કારણે આવી સ્થિતિ સર્જાય છે. જો કે આ કારણો કયારેય બાળકો પર થતા અત્યાચારને ન્યાયી ઠેરવી શકે નહી. તો બીજી તરફ સમગ્ર મામલે આશ્રમ શાળાના આચાર્યનો પક્ષ જાણવા માટે મીડીયા દ્વારા અનેક પ્રયાસો કરવામાં આવ્યા હતા, પરંતુ તેમણે કોઈપણ પ્રતિક્રિયા આપવાનો સ્પષ્ટ ઈન્કાર કર્યો હતો અને મૌન સાધ્યુ હતું.

## હવે ગુજરાતમાં ગમે તે ઠેંકાણે લાયસન્સ માટે ઉમેદવારોની આકરી પરીક્ષા લેવાશેઃ



પ્રતિનિધિ,ગાંધીનગર

હવે ગુજરાતની ગમે તે આરટીઓ કચેરીમાં પોલંપોલ નહી ચાલે, લાયસન્સ કઢાવવા માટે હવે એઆઈ નો ઉપયોગ કરવામાં આવી રહ્યો છે. રાજકોટ આરટીઓ કચેરીમાં રૂપીયા ૮૦ લાખના ખર્ચે તૈયાર કરાયેલો અત્યાધુનિક એઆઈ આધારીત ડ્રાઈવીગ ટેસ્ટ ટ્રેક હવે કાર્યરત બન્યો છે. ૧૭ આધુનિક ૩૬૦ ડીગ્રી મુવેબલ કેમેરા, આરએફઆઈડી ટેગ અને અંડરગ્રાઉન્ડ સેન્સરથી સજ્જ આ ટ્રેકમાં ડ્રાઈવીંગ ટેસ્ટ સંપૂર્ણપણે માનવ હસ્તક્ષેપ વિના લેવામાં આવી રહી છે. હવે આ ટ્રેકમાં ઉમેદવારોની આકરી પરીક્ષા થશે તે પ્રથમ દિવસે જ ખબર પડી છે.

કારણ કે પહેલા દિવસે જ ફોર વ્હીલર અને ટુ વ્હીલરના લાયસન્સ માટે ટેસ્ટ આપવામાં આવેલા ૨૧ માંથી માત્ર ૯ જ પાસ થયા છે. પ્રથમ દિવસના પરીણામોએ નવા ટ્રેકની કડકાઈ પણ સ્પષ્ટતા કરી છે. એલએમવી (કાર) માટે ૬ ઉમેદવારોએ ટેસ્ટ આપી હતી. જેમાં માત્ર ૧ ઉમેદવાર પાસ થતા પાર્સિંગ ટકાવારી ૧૬.૬૭ ટકા રહી હતી. જયારે ૫ ઉમેદવાર નાપાસ થયા હતા. તો બીજી તરફ ટુ વ્હીલરની પરીક્ષામાં ૧૫ માં થી ૮ ઉમેદવાર પાસ અને ૭ નાપાસ થયા હતા. ૧ ઉમેદવારને રી ટેસ્ટ માટે મોકલવામાં આવ્યો હતો. આરટીઓ ઈન્દ્રજીત ટાંક ના જણાવ્યા મુજબ જુના ટ્રેકમાં કારના રોજ સરેરાશ ૩૦૦ અને ટુ વ્હીલરના ૪૦૦ જેટલા ટેસ્ટ લેવાતા હતા. તેમાં કારનુ પરીણામ અંદાજે ૬૦ ટકા અને ટુ વ્હીલરનુ ૮૦ ટકા રહેતુ હતું. નવા એઆઈ આધારીત ટ્રેકમાં દરેક નિયમનુ કડક પાલન થતા શરૂઆતમાં પાર્સિંગ ટકાવારીમાં ઘટાડો જોવા મળી શકે છે, તેઓએ નવા ટ્રેક વિશે ઉમેર્યુ હતુ કે ટ્રેકની વિશેષતા એ છે કે વરસાદ , વાવાઝોડુ કે અંડરગ્રાઉન્ડ સેન્સર-વાયરીંગના કારણે કામગીરી અટકશે નહી. હવે નવા ટ્રેકમાં એઆઈ કેમેરા દરેક મુવમેન્ટનુ ચોકસાઈથી નિરીક્ષણ કરશે અને અરજદાર કયા કારણસર નાપાસ થયો તેની સ્પષ્ટતા માહિતી પણ ઉપલબ્ધ કરાવશે.

## ચૂંટણી પ્રક્રિયામાં પારદર્શિતા અને જનવિશ્વાસને વધુ સુદઢ બનાવવા અમદાવાદમાં આંતરરાષ્ટ્રીય કક્ષાનો પરિસંવાદ યોજાશે

લોકશાહી વ્યવસ્થામાં ચૂંટણી પ્રક્રિયાની પારદર્શિતા, વિશ્વસનીયતા અને જવાબદેહીને વધુ સુદઢ બનાવવાના ઉદ્દેશ સાથે મુખ્ય નિર્વાચન અધિકારી, ગુજરાતની કચેરી દ્વારા આગામી ૨૧ જુલાઈ, ૨૦૨૬ના રોજ નિરમા યુનિવર્સિટી, અમદાવાદ ખાતે “Electoral Transparency: Political Parties as Concurrent Auditors” વિષય પર આંતરરાષ્ટ્રીય વિષયક પરિસંવાદ (Thematic Symposium) યોજવામાં આવશે. આ પરિસંવાદનું આયોજન ઈન્ડિયા ઈન્ટરનેશનલ ઈન્સ્ટિટ્યૂટ ઑફ ડેમોક્રસી એન્ડ ઈલેક્શન મેનેજમેન્ટ (IIIDEM),નવી દિલ્હી સહિતની સંસ્થાઓના સહયોગથી કરવામાં આવી રહ્યું છે.

આ આંતરરાષ્ટ્રીય પરિસંવાદમાં ગુજરાતના મુખ્ય નિર્વાચન અધિકારી શ્રી સંદીપ સાગળે IAS, રાજસ્થાનના મુખ્ય નિર્વાચન અધિકારી શ્રી નવીન મહાજન IAS, છત્તીસગઢના ચૂંટણી તંત્રના પ્રતિનિધિઓ તેમજ ફિલિપાઈન્સના ચૂંટણી વ્યવસ્થાપન ક્ષેત્રના પ્રતિનિધિઓ ઉપસ્થિત રહેશે. આ ઉપરાંત, દેશની વિવિધ પ્રતિષ્ઠિત કાયદા યુનિવર્સિટીઓના કુલપતિશ્રીઓ (Vice-Chancellors), રજિસ્ટ્રાર, શિક્ષણવિદો, સંશોધકો, કાયદા ક્ષેત્રના નિષ્ણાતો તથા ચૂંટણી વ્યવસ્થાપન સાથે સંકળાયેલા અધિકારીઓ પણ પરિસંવાદમાં સહભાગી થશે.

આ પરિસંવાદનો કેન્દ્રવર્તી વિચાર એ છે કે રાજકીય પક્ષો ચૂંટણીમાં માત્ર સ્પર્ધક તરીકે જ નહીં, પરંતુ ચૂંટણી પ્રક્રિયાના વિવિધ તબક્કાઓમાં મહત્વપૂર્ણ હિતધારક અને નિરીક્ષક તરીકે પણ ભૂમિકા ભજવે છે. મતદાર યાદીની તૈયારીથી લઈને મતદાન, મતગણતરી અને પરિણામોની પ્રક્રિયા સુધી રાજકીય પક્ષોના અધિકૃત પ્રતિનિધિઓ અને એજન્ટોની ઉપસ્થિતિ ચૂંટણી પ્રક્રિયાની સતત દેખરેખ અને ચકાસણીમાં મહત્વપૂર્ણ યોગદાન આપે છે. આ પરિપ્રેક્ષ્યમાં રાજકીય પક્ષોની ભૂમિકાને “Concurrent Auditors” એટલે કે ચૂંટણી પ્રક્રિયાની સમાંતર અને સતત ચકાસણી કરનારા હિતધારકો તરીકે વધુ અસરકારક રીતે સમજવા અને વિકસાવવા અંગે પરિસંવાદમાં વિશેષ વિચારમંથન કરવામાં આવશે.

પરિસંવાદ દરમિયાન પાંચ મહત્વપૂર્ણ વિષય પર અલગ-અલગ સત્રોમાં ગહન ચર્ચા કરવામાં આવશે. તેમાં સંસ્થાકીય માળખું, તટસ્થતા અને રાજકીય પક્ષ આધારિત દેખરેખ- સમગ્ર ચૂંટણીચક્ર દરમિયાન ચકાસણીની સાતત્યતા અને તેમાં રહેલી ખામીઓ- પારદર્શિતા, વિશ્વાસ અને રાજકીયકરણનું જોખમ- ટેક્નોલોજી આધારિત ચૂંટણી વ્યવસ્થામાં Auditability તેમજ નિરીક્ષણથી જવાબદેહી સુધીની પ્રક્રિયા જેવા સમકાલીન અને મહત્વપૂર્ણ વિષયોનો સમાવેશ થાય છે. આધુનિક ચૂંટણી વ્યવસ્થામાં ટેક્નોલોજીનો ઉપયોગ સતત વધી રહ્યો છે. ઈલેક્ટ્રોનિક મતદાન પ્રણાલી, ડિજિટલ મતદાર યાદીઓ, પરિણામ વ્યવસ્થાપન અને ડેટા આધારિત ચૂંટણી પ્રક્રિયાઓએ ચૂંટણી સંચાલનમાં નવી તકો ઊભી કરી છે, તો સાથે સાથે ચકાસણીક્ષમતા, સાયબર સુરક્ષા અને જાહેર વિશ્વાસ જેવા નવા પડકારો પણ સામે આવ્યા છે. આવા સંજોગોમાં ચૂંટણી વ્યવસ્થાપન સંસ્થાઓ, રાજકીય પક્ષો, કાયદા નિષ્ણાતો, શિક્ષણવિદો અને અન્ય હિતધારકો વચ્ચે સંવાદ અને અનુભવોનું આદાન-પ્રદાન વધુ મહત્વપૂર્ણ બની રહ્યું છે.

દેશના વિવિધ રાજ્યો તથા આંતરરાષ્ટ્રીય પ્રતિનિધિઓની ભાગીદારીને કારણે આ પરિસંવાદ ચૂંટણી પારદર્શિતાના વિવિધ મોડલ અને વ્યવહારુ અનુભવોને એક મંચ પર લાવશે. ખાસ કરીને ફિલિપાઈન્સના પ્રતિનિધિઓના આંતરરાષ્ટ્રીય અનુભવો, વિવિધ રાજ્યોના ચૂંટણી અધિકારીઓના વ્યવહારુ અનુભવો અને દેશની કાયદા યુનિવર્સિટીઓના શૈક્ષણિક તથા કાનૂની દૃષ્ટિકોણના સમન્વયથી ચૂંટણી પ્રક્રિયામાં પારદર્શિતા અને જવાબદેહી વધુ મજબૂત બનાવવા અંગે વ્યાપક ચર્ચા થશે.

પરિસંવાદનું આયોજન એવી રીતે કરવામાં આવ્યું છે કે વિષય નિષ્ણાતો અને સહભાગીઓ વચ્ચે વિસ્તૃત અને અર્થપૂર્ણ સંવાદ થઈ શકે. ઉદ્ઘાટન સત્ર બાદ પાંચ અલગ અલગ વિષય ટ્રેકમાં સમાંતર સત્રો યોજાશે અને દિવસના અંતે સમાપન સત્ર યોજાશે. પરિસંવાદનું સ્થળ ILNU Building, Nirma University, Ahmedabad રહેશે.

આ આંતરરાષ્ટ્રીય પરિસંવાદમાંથી પ્રાપ્ત થનારા વિચારો, અનુભવો અને નિષ્ણાતોના સૂચનો દ્વારા ચૂંટણી પારદર્શિતાની હાલની વ્યવસ્થાઓની વધુ સારી સમજ વિકસાવવા, ઉભરતા પડકારો અને તકોની ઓળખ કરવા, વિવિધ ચૂંટણી વ્યવસ્થાઓની શ્રેષ્ઠ પ્રથાઓનું દસ્તાવેજીકરણ કરવા તથા પુરાવા આધારિત નીતિ વિષયક ભલામણો વિકસાવવામાં મદદ મળશે. આ વિચારમંથન ચૂંટણી પ્રક્રિયામાં પારદર્શિતા, જવાબદેહી અને જનવિશ્વાસને વધુ સુદઢ કરવાની દિશામાં મહત્વપૂર્ણ યોગદાન આપશે.

## ચૈતર વસાવાના સમર્થનમાં આમ આદમી પાર્ટીની સહી ઝુંબેશઃ




પ્રતિનિધિ,ગાંધીનગર

આમ આદમી પાર્ટીના પ્રદેશ સંગઠન મંત્રી અને નર્મદા જિલ્લા પ્રમુખ નિરંજન વસાવાએ જણાવ્યુ છે કે ડેડીયાપાડાના ધારાસભ્ય ચૈતર વસાવાના સમર્થનમાં સમગ્ર નર્મદા જિલ્લામાં હસ્તાક્ષર અભિયાન ચલાવવામાં આવી રહ્યુ છે. ગામડે ગામડે અને શહેરોમાં લોકોનો સારો પ્રતિસાદ મળી રહ્યો હોવાનુ તેમણે જણાવ્યુ હતું. રાજપીપળા સહિત વિવિધ વિસ્તારોમાં લોકોને ચૈતર વસાવાના કાર્યોથી માહિતગાર કરતા પેમ્ફલેટનુ પણ વિતરણ કરવામાં આવી રહ્યુ છે. નિરંજન વસાવાના જણાવ્યા અનુસાર પટેલ સમાજ, દરબાર સમાજ, મુસ્લીમ સમાજ, આદિવાસી સમાજ સહિત વિવિધ સમાજના લોકો ચૈતર વસાવાને સમર્થન આપી રહ્યા છે. તેમણે આરોપ લગાવ્યો કે ભાજપે ખોટી એફઆઈઆર કરીને ચૈતર વસાવા સહિત અન્ય લોકોને સજા કરાવી છે અને તેમના અવાજને દબાવવાનો

**૨૦ જુલાઈએ ૧ લાખ થી વધુ વિવિધ સમાજના લોકો ઉમટી પડે તેવી શકયતા**

પ્રયાસ કરી રહી છે. તેમણે ચૈતર વસાવાને નિર્દોષ ગણાવ્યા હતા. આમ આદમી પાર્ટીએ ૨૦ જુલાઈ ૨૦૨૬ ના રોજ સવારે ૧૧ કલાકે નંદ ભીલરાજાની પ્રતિમાથી કલેકટર કચેરી સુધી રેલી યોજવાની જાહેરાત કરી છે. આ રેલીમાં ૧ લાખ થી વધુ વિવિધ સમાજના લોકો ઉમટી પડે તેવી શકયતા વ્યકત કરવામાં આવી રહી છે.

રેલી બાદ રાષ્ટ્રપતિ, રાજયપાલ અને મુખ્યમંત્રીને સંબોધીને કલેકટરને આવેદનપત્ર આપવામાં આવશે. પાર્ટીનો દાવો છે કે નર્મદા જિલ્લાના ૧ લાખ થી વધુ લોકો હસ્તાક્ષર કરીને ચૈતર વસાવાના સમર્થનમાં જોડાઈ રહ્યા છે. નિરંજન વસાવાએ તમામ સમાજના આગેવાનો અને નાગરીકોને કાર્યક્રમમાં જોડાઈ સમર્થન આપવા અપીલ કરી છે.

### શ્રમિકોની સુરક્ષા પર ઉઠ્યા ગંભીર સવાલો

## મણીનગરમાં ૧૫ ફૂટ ઊંડો ભુવો પડતા સમારકામ શરૂ

(સંપૂર્ણ સમાચાર સેવા)અમદાવાદ

અમદાવાદના પૂર્વ વિસ્તારમાં આવેલા વ્યસ્ત કાંકરિયા-મણીનગર રોડ પર શનિવારે આશરે ૧૫ ફૂટ ઊંડો ભુવો પડતાં વાહનચાલકો અને સ્થાનિકોમાં ચિંતા ફેલાઈ હતી. ઘટનાની જાણ થતાં અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન (AMC)ના એન્જિનિયરિંગ વિભાગે તાત્કાલિક અસરથી રસ્તાનો એક ભાગ બંધ કરી સમારકામની કામગીરી શરૂ કરી હતી. જોકે, સમારકામ દરમિયાન કામદારોને પૂરતી સુરક્ષા વિના કામ કરાવવામાં આવતું હોવાના દૃશ્યો સામે આવતા તંત્રની કામગીરી સામે ગંભીર સવાલો ઊભા થયા છે.પ્રાથમિક માહિતી મુજબ રોડની નીચે આવેલી પાઈપલાઈન અથવા જમીન ધસી પડવાના કારણે રસ્તા પર મોટો ભુવો સર્જાયો હતો. ખાડો અંદાજે ૧૫ ફૂટથી વધુ ઊંડો હોવાથી કોઈ વાહન તેમાં ખાબકી ન જાય તે માટે રસ્તાના એક ભાગને બેરિકેડ લગાવી બંધ કરવામાં આવ્યો હતો. ત્યારબાદ તંત્ર દ્વારા પાઈપલાઈનની મરામત અને ખાડો પૂરવાની કામગીરી હાથ ધરવામાં આવી હતી.

સમારકામ દરમિયાન સૌથી ચિંતાજનક બાબત એ જોવા મળી કે ખાડામાં કામ કરતા અનેક શ્રમિકો જરૂરી સુરક્ષા સાધનો વગર જ કામગીરી કરી રહ્યા હતા. ૧૦ ફૂટથી વધુ ઊંડા ખાડામાં કામ કરતી વખતે હેલ્મેટ, સેફટી શૂઝ, રિફલેક્ટિવ જેકેટ, બોડી હાર્નેસ અને અન્ય સુરક્ષા સાધનો ફરજિયાત માનવામાં આવે છે. તેમ છતાં, સ્થળ પર કેટલાક કામદારો આમાંથી કોઈપણ સેફટી ગિયર વિના કાદવ અને ઊંડા ખાડામાં ઉતરીને કામ કરતા જોવા મળ્યા હતા.

સ્થાનિક લોકોનું કહેવું છે કે આવા જોખમી કામ દરમિયાન જો માટી ધસી પડે અથવા અન્ય કોઈ અકસ્માત સર્જાય તો શ્રમિકોના જીવને ગંભીર જોખમ થઈ શકે છે. આથી તંત્રે કામની ઝડપ સાથે સુરક્ષાને પણ સમાન મહત્વ આપવું જોઈએ તેવી માંગ ઉઠી છે.

મીડિયાના પ્રતિનિધિઓએ સ્થળ પર હાજર સાઈટ ઈન્ચાર્જ પાસે સુરક્ષા વ્યવસ્થા અંગે પૂછપરછ કરતાં તેમણે આ મામલે પોતાની જવાબદારી ન હોવાનું જણાવ્યું અને ઉચ્ચ અધિકારીઓનો સંપર્ક કરવાની સલાહ આપી હતી. તેમણે હેલ્મેટ મંગાવવાની પ્રક્રિયા ચાલી રહી હોવાનું પણ જણાવ્યું. જોકે, પ્રશ્ન એ ઉઠી રહ્યો છે કે સમારકામ શરૂ કરતાં પહેલાં જરૂરી સુરક્ષા સાધનોની વ્યવસ્થા કેમ કરવામાં આવી નહોતી.સ્થાનિક નાગરિકોનું માનવું છે કે શહેરમાં રસ્તા ધસી પડવાની ઘટનાઓ વધતી જઈ રહી છે ત્યારે માત્ર સમારકામ પૂરતું નથી, પરંતુ કામગીરી દરમિયાન શ્રમિકોની સુરક્ષા અને નિયમોના કડક પાલનની પણ તાત્કાલિક જરૂર છે. આ ઘટનાએ શહેરમાં જાહેર કામો દરમિયાન સલામતીના ધોરણોને લઈને ફરી એકવાર ચર્ચા જગાવી છે.

## મોરબી જિલ્લામાં ભાજપ સાથે છેડો ફાડી ૫૦૦થી વધુ આગેવાનો, સહકારી અને સામાજિક હોદ્દેદારો કોંગ્રેસમાં જોડાયા




પ્રતિનિધિ,ગાંધીનગર
તસવીર યુનુસ મેમણ

અમદાવાદ ખાતે ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના મુખ્ય મથક રાજીવ ગાંધી ભવન કાર્યક્રમ યોજાયો હતો. જેમાં મોરબી જિલ્લામાંથી ભાજપના વરીષ્ઠ આગેવાનો , સહકારી અને સામાજિક હોદ્દેદારો તેમજ ૫૦૦ થી વધુ કાર્યકર્તાઓ વિધિવત રીતે ભાજપને રામ રામ કરી કોંગ્રેસનો પંજો પડકયો હતો. પ્રદેશ કોંગ્રેસ પ્રમુખ અમિત ચાવડાએ ભાજપમાંથી આવેલા વરીષ્ઠ નથુભાઈ કડીવાર (પૂર્વ તાલુકા પ્રમુખ ભાજપ ટંકારા, ડીરેકટર નસીતપર સહકારી મંડળી), લાલજીભાઈ દેત્રોજા (પૂર્વ ઉપપ્રમુખ ટંકારા તાલુકા ભાજપ, પૂર્વ સદસ્ય તાલુકા પંચાયત), ઉમેશભાઈ ગોહિલ, (કોષાધ્યક્ષ ટંકારા ભાજપ) રાજુભાઈ કોટડીયા (પૂર્વ તાલુકા પંચાયત સદસ્ય, ટંકારા ) અને તેમના સેંકડો સાથીઓને કોંગ્રેસનો ખેસ પહેરાવીને પક્ષમાં હાર્દિક આવકાર આપ્યો હતો. નવા જોડાયેલા સાથીઓને આવકારતા પ્રદેશ કોંગ્રેસ પ્રમુખ અમિત ચાવડાએ જણાવ્યુ હતુ કે આ તમામ સાથીઓ કોઈ હોદ્દા કે સત્તા વગર તેમજ પદની લાલચ માટે નહી પરંતુ પ્રજા પર થઈ રહેલા અન્યાય, અત્યાચાર અને જાતિવાદ સામે લડવા માટે વિપક્ષ તરીકે કોંગ્રેસમાં આવ્યા છે.

આજે સૌરાષ્ટ્ર અને સમગ્ર ગુજરાતમાં ખેડુતો પર પારાવાર અત્યાચાર થઈ રહ્યો છે. ખેડુતોના ખેતરોમાં જબરદસ્તી થી વિજળીના ટ્રાન્સમિશન ટાવર ઉભા કરવામાં આવે છે અને જો ખેડુતો કે બહેન દિકરીઓ તેની સામે અવાજ ઉઠાવે તો પોલીસ તેમને ઢસડી ઢસડીને લાઠીચાર્જ કરે છે અને જેલમાં પુરે છે. છતાં ભાજપનો કોઈ નેતા અવાજ ઉઠાવતો નથી. ખેડુતોનો પક્ષ લેવાને બદલે આ સરકાર અદાણી જેવા મોટા ઉદ્યોગપતિઓની દલાલી કરવામાં વ્યસ્ત છે. વધુમાં અમિત ચાવડાએ ક્હયુ હતુ કે સરદાર સાહેબે વિના સહકાર નહી ઉધ્ધાર, ઉદેશ સાથે જે ભવ્ય સહકારી વ્યવસ્થા ઉભી કરી હતી , તેને ભાજપના નેતાઓએ સત્તાના સ્વાર્થ માટે રાજકારણનો અડ્ડો બનાવી દીધી છે. અમુલ, ડીસ્ટ્રીકટ બેંકો અને ગામડાની નાની મંડળીઓમાં પહેલા પક્ષ કે જ્ઞાતિ જોયા વગર લોકહિતનુ કામ થતુ હતું. જયારે આજે ત્યાં એટલો મોટો ભ્રષ્ટાચાર અને જાતિવાદ, ભેદભાવ વ્યાપી ગયો છે કે આ માળખુ હવે મુઠ્ઠીભર લોકોના હાથમાં ભ્રષ્ટાચારનુ સાધન બની ગયુ છે.

અંતમાં તેમણે જણાવ્યુ હતુ કે તાનાશાહી અને ભ્રષ્ટાચાર સામે આપણે સૌ સાથે મળીને લડીશુ અને રાહુલ ગાંધીજીના સંકલ્પ મુજબ ૨૦૨૭ ની વિધાનસભાની ચુંટણીમાં જનતાના આક્રોશને વાચા આપીને ગુજરાતમાં ૧૦૦ ટકા સત્તા પરીવર્તન લાવીને રહીશું. વાંકાનેરના પૂર્વ ધારાસભ્ય જાવેદ પીરજાદા, ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના ઉપપ્રમુખ બિમલ શાહ, મહામંત્રી હિમાંશુ પટેલ, મીડીયા કન્વીનર અને પ્રવકતા ડો. મનિષ દોશી, મીડીયા કો.કન્વીનર અને પ્રવકતા હેમાંગ રાવલ, મોરબી શહેર પ્રમુખ પુષ્પરાજસિંહ જાડેજા તેમજ રાજુભાઈ આહીર સહિતના લોકો હાજર રહ્યા હતા.

## ભુજના કોલેજ રોડ પર કોમ્પ્લેક્સમાં શોર્ટ સર્કિટથી આગ

(સંપૂર્ણ સમાચાર સેવા)ભુજ

ભુજ શહેરના વ્યસ્ત કોલેજ રોડ પર આવેલા એક કમર્શિયલ કોમ્પ્લેક્સમાં શનિવારે બપોરે શોર્ટ સર્કિટના કારણે આગ લાગવાની ઘટના સામે આવી હતી. આગ બિલ્ડિંગના મુખ્ય એક્ઝિટ ગેટ નજીક લાગી હોવાથી થોડા સમય માટે અફરાતફરીનો માહોલ સર્જાયો હતો. ઘટનાની જાણ થતાં જ ભુજ નગરપાલિકાની ફાયર બ્રિગેડની ટીમ તાત્કાલિક ઘટનાસ્થળે પહોંચી હતી અને ઝડપી કાર્યવાહી કરીને આગને વધુ ફેલાતી અટકાવી દીધી હતી. સદનસીબે ઘટનામાં કોઈ જાનહાનિ કે ઈજાની માહિતી સામે આવી નથી.

કોમ્પ્લેક્સના વાયરિંગ અથવા ઈલેક્ટ્રિકલ કંટ્રોલ પેનલમાં અચાનક શોર્ટ સર્કિટ થતાં તણખા ઉડ્યા હતા. થોડી જ વારમાં આગે આસપાસના ભાગને ઝપેટમાં લઈ લીધો હતો. આગ મુખ્ય નિકાસ દ્વાર પાસે લાગતાં કાળા ધુમાડાના ગોટેગોટા ઊઠતા જોવા મળ્યા હતા, જેના કારણે બિલ્ડિંગમાં હાજર વેપારીઓ, કર્મચારીઓ અને ગ્રાહકોમાં ભયનો માહોલ ફેલાયો હતો.

ગરવી ગુજરાત

ગરવી ગુજરાત

- એક શુભેચ્છક

PRGI NO. GUJGUJ/2008/26148 Printed, Published & Owned by AJAYKUMAR RAMANLAL PRAJAPATI and Printed By (1) JIGNESH RASHIKBHAI GAJJAR at Vansh Corporation, A/8, Shayona Golden Estate, Shahibag, Ahmedabad - 380 004
(2) DESAI RAHUL MAHESHBHAI at Bhavani Offset, “Bhatiya Ni Wadi, Opp Kalupur Railway Station, Kalupur, Ahmedabad-380 002. (3) HADIK MAHESHBHAI DESAI at Bhoomi Offset, “Bhatiya Ni Wadi, Opp Kalupur Railway Station, Kalupur, Ahmedabad-380 002
and Published from TF-01, Nanakram Super Market, Ramnagar, Sabarmati, Ahmedabad - 380 005. Editor : AJAYKUMAR RAMANLAL PRAJAPATI
Rage.Office: TF-01, Nanakram Super Market, Ramnagar, Sabarmati, Ahmedabad - 380 005 Gujarat,India. Phone : (O) 9016333307(M)9328333307,9825333307
Email : garvigujarat2007@gmail.com • garvigujarat2007@yahoo.com • Website : www.garvigujarat.co.in

# રાજયમાં હાલ પીવાના પાણીને અગ્રતા : વરસાદની ઘટ ના પગલે મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલે અધિકારીઓને આપ્યા આદેશ

પ્રતિનિધિ,ગાંધીનગર

રાજયના મોટાભાગના જિલ્લાઓમાં વરસાદની ઘટ છે અને છુટાછવાયા ઝાંપટા સિવાય વરસાદ આવતો નથી. આને કારણે ખેડુતોને વાવણી માં પણ સમસ્યા આવી રહી છે. આ સ્થિતિને ધ્યાનમાં લઈ રાજય સરકાર પણ સતર્ક થઈ ગઈ છે અને મળતી માહિતી અનુસાર મુખ્યમંત્રીએ અધિકારીઓને બદલાતી પરિસ્થિતિ પર નજર રાખવા અને ખાસ કરીને પીવાના પાણીનો સંગ્રહ રાખવા તાકીદ કરી છે.



રાજયના ૨૦૬ જળાશયોમાં ૨૫ ટકા કરતા પણ ઓછુ પાણી હોવાનુ સુત્રોએ જણાવ્યુ છે. મંત્રી મંડળે રાજયના અનેક પ્રદેશોમાં સામાન્ય થી ઓછા વરસાદને પગલે પાણીની ઉપલબ્ધતાની વિગતવાર સમીક્ષા હાથ ધરી હતી. જળ સંશાધન વિભાગના અધિકારીઓએ સરદાર સરોવર નર્મદા ડેમ સહિત મુખ્ય જળાશયોમાં સંગ્રહની સ્થિતિ રજુ કરી હતી અને નહેર નેટવર્ક દ્વારા પાણીની ઉપલબ્ધતા અંગે મુખ્યમંત્રી સહિત મંત્રી મંડળને માહિતી આપી હતી. સુત્રોના જણાવ્યા અનુસાર મુખ્યમંત્રીએ પીવાના પાણીને સર્વોચ્ચ પ્રાથમિકતા આપવા ભાર મુકયો હતો. નર્મદા ડેમ અને નહેર નેટવર્કમાંથી પાણીનુ વ્યવસ્થાપન એવી રીતે થવુ જોઈએ કે રાજયમાં કયાંય પણ પીવાના પાણીની અછતની ફરીયાદ ન રહે. અધિકારીઓએ જણાવ્યુ હતુ કે કૃષિ વિભાગને મોડા ચોમાસાને કારણે થયેલા પાકના નુકશાનનુ મુલ્યાંકન કરવા માટે સર્વેક્ષણ કરવા કહેવામાં આવ્યુ છે. ઘણા જિલ્લાઓમાં ખેડુતોએ વાવણીની કામગીરી પૂર્ણ કરી દીધી હતી પણ વરસાદ ન આવતા વાવણી પછી લાંબા સમય સુધી સુકા વાતાવરણને કારણે ઘણા વિસ્તારોમાં ચિંતાજનક સ્થિતિ સર્જાઈ છે. અધિકારીઓએ જણાવ્યુ હતુ કે પાણી વ્યવસ્થાપન અથવા રાહત પગલા અંગે હજુ કોઈ વધુ નિર્ણય લેતા પહેલા સરકાર આગામી દિવસોમાં જળાશયના સ્તર અને વરસાદ બંને પર સતત નજર રાખી રહી છે.

# મારી સંમતિ વગર કંઈ આપતા નહી : સોનમ વાંગચુકના પત્નીનુ સફદરગંજ હોસ્પિટલને અલ્ટીમેટમ

પ્રતિનિધિ,ગાંધીનગર

કલાયમેટ એકિટવિસ્ટ સોનમ વાંગચુકના પત્ની ગીતાંજલીએ જે એગ્મોએ શનિવારે દિલ્હીની સફદરજંગ હોસ્પિટલના ડોકટરોને વિનંતી કરી હતી કે તેઓ તેમના પતિને તેમના પરીવાર અને ૨૦ દિવસની ભુખ હડતાળ દરમિયાન તેમના સ્વાસ્થ્યનુ નિરીક્ષણ કરી રહેલી તબીબી ટીમની સંમતિ વિના કોઈપણ ન તો મોઢે થી કંઈ આપવામાં આવે કે ન તો નસ દ્વારા આપવામાં આવે.

મારી સંમતિ વિના મારા પતિને કંઈ આપવુ નહી તેવુ સોનમ વાંગચુકના પત્નીએ કહયુ હતું. એકસ પર શેર કરેલી એક પોસ્ટમાં એગ્મોએ કહ્યુ હું દિલ્હીની સફદરજંગ હોસ્પિટલમાં છું, જયાં @wangchuk66 ને દાખલ કરવામાં આવ્યા છે. તેમણે કહ્યુ કે મારી, પરીવારની અને ૨૦ દિવસની તેમની સ્વાસ્થ્યનુ નિરીક્ષણ કરી રહેલી ડોકટરોની સંમતિ વિના મુખેથી અથવા નસમાં કંઈપણ આપવુ જોઈએ નહી. ઉલ્લેખનીય છે કે શનિવારે સવારે દિલ્હી પોલીસ દ્વારા જંતર મંતર વિરોધી સ્થળ પરથી વાંગચુકને દુર કરવામાં આવ્યા બાદ તેમને



સફદરજંગ હોસ્પિટલમાં લઈ જવામાં આવ્યા બાદ નિવેદન બહાર આવ્યુ હતું. સોનમ વાંગચુક હાલ ભાનમાં છે, તેમના મહત્વપૂર્ણ પરીમાણો સ્થિર છે, અને તેમને તબીબી દેખરેખ હેઠળ ઈમરજન્સી વોર્ડમાં દાખલ કરવામાં આવ્યા છે. આ દરમિયાન વાંગચુકના હોસ્પિટલમાં દાખલ થયા બાદ દિલ્હી પોલીસે જંતર મંતર વિરોધ સ્થળ પરથી વિરોધીઓને દુર કર્યા હતા અને વિરોધીઓને સ્થળ ખાલી કરવાનુ કહેવામાં આવતા વિસ્તારમાં ભારે સંખ્યામાં કર્મચારીઓ તૈનાત કરી દેવામાં આવ્યા હતા.

એકસ પરની એક પોસ્ટમાં, નવી દિલ્હીના ડે.કમિશ્નર ઓફ પોલીસ એ જણાવ્યુ હતુ કે વાંગચુકને તેમની બગડતી તબિયતને કારણે દિલ્હી હાઈકોર્ટના નિર્દેશો અને તબીબી નિષ્ણાંતોની સલાહ પર હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા છે. માનનીય હાઈકોર્ટના આદેશ અને નિષ્ણાંત તબીબી સલાહ મુજબ સોનમ વાંગચુકની બગડતી તબીયતને કારણે તેમને જરૂરી તબીબી સંભાળ માટે હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા છે. માનનીય હાઈકોર્ટના આદેશોનુ પાલન કરતી વખતે વિરોધીઓએ અવરોધ ઉભો કરવાનો પ્રયાસ કર્યો હતો. જેમાં થોડો હંગામો થયો હતો. જો કે પોલીસે મહત્તમ સંયમ રાખ્યો હતો અને સલામત રીતે કાર્યવાહી હાથ ધરી હતી તેવુ ડીસીપીએ જણાવ્યુ હતું. નવી દિલ્હીના ડીસીપી સચિન શર્માએ મીડીયાને જણાવ્યુ હતુ કે વાંગચુકને ખુબ જ જરૂરી તબીબી હસ્તક્ષેપ માટે યોગ્ય સરકારી હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા છે અને તેઓ તબીબી દેખરેખ હેઠળ છે.

પોલીસ કાર્યવાહીની અને વિપક્ષી નેતાઓએ આકરી ટીકા કરી હતી. આમ આદમી પાર્ટી નેતા મનિષ સીસોદીયા, સંજયસિંહ અને સૌરભ ભારદ્વાજે આરોપ લગાવ્યો હતો કે સરકાર શાંતિપૂર્ણ વિરોધ પ્રદર્શનોને દબાવી રહી છે. જયારે તૃણમૂલ કોંગ્રેસ ના નેતા સાગરીકા ઘોષ અને સમાજવાદી પાર્ટીના સાંસદ ડીમ્પલ યાદવે પણ આ કાર્યવાહીની નિંદા કરી છે. દરમિયાન કોકરોચ જનતા પાર્ટી ના સ્થાપક પ્રમુખ અભિજીત દિપકે એ આરોપ લગાવ્યો કે પોલીસે વાંગચુકને બળજબરીથી લઈ ગયા અને દાવો કર્યો કે વિરોધ સ્થળ સુધી પહોચવાનો પ્રયાસ કરતી વખતે તેમના પર હુમલો કરવામાં આવ્યો હતો.

સીજેપીના મુખ્ય પ્રવકતા સૌરવ દાસે એવો પણ આરોપ લગાવ્યો હતો કે દિપકને દિલ્હી પોલીસે રોકયા હતા અને વિરોધ સ્થળ પર વિદ્યાર્થીઓ પર લાઠીચાર્જ કરવામાં આવ્યો હતો. આ આરોપોનો તાત્કાલીક કોઈ સત્તાવાર જવાબ મળ્યો નથી.

# સામાખ્યાલી-ગાંધીધામ રેલવે સેક્શન પર નોન-ઈન્ટરલોકિંગ કામને લીધે કેટલીક ટ્રેનો પ્રભાવિત રહેશે

પશ્ચિમ રેલવેના અમદાવાદ મંડળ હેઠળ સામાખ્યાલી, વોંધ અને ભચાઉ સ્ટેશો વચ્ચે ક્વોડ્રપ્લીંગ (Quadrupling) અને ઑટોમેટિક સિગ્નલિંગ પરિયોજનાના કમીશનિંગ કામના સંબંધમાં નૉન-ઈન્ટરલોકિંગ (NI) કામ માટે બ્લૉક લેવામાં આવી રહ્યો છે. આ કામ સામાખ્યાલી-ગાંધીધામ રેલવે સેક્શન પર રેલવે ઈન્ફ્રાસ્ટ્રક્ચરના આધુનિકીકરણ તથા પરિચાલન ક્ષમતા અને સુરક્ષા વધારવાની દિશામાં એક મહત્વપૂર્ણ પગલું છે. આ પરિયોજના હેઠળ નૉન-ઈન્ટરલોકિંગ કામને લીધે કેટલીક ટ્રેનો પ્રભાવિત રહેશે. પ્રભાવિત ટ્રેનોની વિગતો નીચે મુજબ છે :

**(A) પૂર્ણપણે રદ (Fully Cancelled) ટ્રેનો**

૧. ટ્રેન નંબર ૦૯૪૧૬ ગાંધીધામ–બાન્દ્રા ટર્મિનસ સ્પેશિયલ તથા ટ્રેન નંબર ૦૯૪૧૫ બાન્દ્રા ટર્મિનસ–ગાંધીધામ સ્પેશિયલ ૨૩ અને ૩૦ જુલાઈ ૨૦૨૬ ના રોજ રદ રહેશે.

૨. ટ્રેન નંબર ૦૯૦૩૭ બાન્દ્રા ટર્મિનસ–ભુજ સ્પેશિયલ ૧૮, ૨૩, ૨૫ અને ૩૦ જુલાઈ ૨૦૨૬ ના રોજ તથા ટ્રેન નંબર ૦૯૦૩૮ ભુજ–બાન્દ્રા ટર્મિનસ સ્પેશિયલ ૧૯, ૨૪, ૨૬ અને ૩૧ જુલાઈ ૨૦૨૬ ના રોજ રદ રહેશે.

૩. ટ્રેન નંબર ૧૨૯૬૫ બાન્દ્રા ટર્મિનસ–ભુજ એક્સપ્રેસ ૨૮ જુલાઈ અને ૦૪ ઓગસ્ટ ૨૦૨૬ ના રોજ તથા ટ્રેન નંબર ૧૨૯૬૬ ભુજ–બાન્દ્રા ટર્મિનસ એક્સપ્રેસ ૨૪ અને ૩૧ જુલાઈ ૨૦૨૬ ના રોજ રદ રહેશે.

૪. ટ્રેન નંબર ૧૯૪૦૬ ગાંધીધામ-પાલનપુર એક્સપ્રેસ તથા ટ્રેન નંબર ૧૯૪૦૫ પાલનપુર-ગાંધીધામ એક્સપ્રેસ ૧૯ જુલાઈથી ૦૪ ઓગસ્ટ ૨૦૨૬ સુધી રદ રહેશે.

૫. ટ્રેન નંબર ૨૨૯૫૧ બાન્દ્રા ટર્મિનસ–ગાંધીધામ એક્સપ્રેસ ૨૪ અને ૩૧ જુલાઈ ૨૦૨૬ ના રોજ તથા ટ્રેન નંબર ૨૨૯૫૨ ગાંધીધામ–બાન્દ્રા ટર્મિનસ એક્સપ્રેસ ૨૩ અને ૩૦ જુલાઈ ૨૦૨૬ ના રોજ રદ રહેશે.

૬. ટ્રેન નંબર ૦૯૦૦૯ બાન્દ્રા ટર્મિનસ–ભુજ સ્પેશિયલ ૧૯ અને ૨૬ જુલાઈ ૨૦૨૬ ના રોજ તથા ટ્રેન નંબર ૦૯૦૧૦ ભુજ–બાન્દ્રા ટર્મિનસ સ્પેશિયલ ૨૦ અને ૨૭ જુલાઈ ૨૦૨૬ ના રોજ રદ રહેશે.

૭. ટ્રેન નંબર ૧૨૯૫૯ બાન્દ્રા ટર્મિનસ–ભુજ એક્સપ્રેસ ૨૫ જુલાઈ અને ૦૧ ઓગસ્ટ ૨૦૨૬ ના રોજ તથા ટ્રેન નંબર ૧૨૯૬૦ ભુજ–બાન્દ્રા ટર્મિનસ એક્સપ્રેસ ૨૭ જુલાઈ અને ૦૩ ઓગસ્ટ ૨૦૨૬ ના રોજ રદ રહેશે.

૮. ટ્રેન નંબર ૦૯૦૧૧ બાન્દ્રા ટર્મિનસ–ભુજ સ્પેશિયલ ૨૧ અને ૨૮ જુલાઈ ૨૦૨૬ ના રોજ તથા ટ્રેન નંબર ૦૯૦૧૨ ભુજ–બાન્દ્રા ટર્મિનસ સ્પેશિયલ ૨૨ અને ૨૯ જુલાઈ ૨૦૨૬ ના રોજ રદ રહેશે.

**(B) આંશિક રૂપે રદ (Partially Cancelled) ટ્રેનો**

ટ્રેન નંબર ૯૪૮૦૧ અમદાવાદ-ભુજ નમો ભારત રેપિડ રેલ ૨૩ જુલાઈ ૨૦૨૬ થી ૦૩ ઓગસ્ટ ૨૦૨૬ સુધી ધ્રાંગધ્રા સ્ટેશન પર શૉર્ટ ટર્મિનેટ થશે તથા ધ્રાંગધ્રા-ભુજ વચ્ચે આંશિક રૂપે રદ રહેશે અને ટ્રેન નંબર ૯૪૮૦૨ ભુજ-અમદાવાદ નમો ભારત રેપિડ રેલ ૨૪ જુલાઈ ૨૦૨૬ થી ૦૪ ઓગસ્ટ ૨૦૨૬ સુધી ભુજ અને ધ્રાંગધ્રા વચ્ચે આંશિક રૂપે રદ રહેશે.

ટ્રેન નંબર ૧૪૩૨૧ બરેલી-ભુજ એક્સપ્રેસ ૨૭, ૨૯ અને ૩૧ જુલાઈ તથા ૦૨ અને ૦૩ ઓગસ્ટ ૨૦૨૬ ના રોજ ભિલડી સ્ટેશન પર શૉર્ટ ટર્મિનેટ થશે તથા ભિલડી-ભુજ વચ્ચે આંશિક રૂપે રદ રહેશે અને ટ્રેન નંબર ૧૪૩૨૨ ભુજ-બરેલી એક્સપ્રેસ ૩૦ જુલાઈ તથા ૦૧, ૦૨ અને ૦૩ ઓગસ્ટ ૨૦૨૬ ના રોજ ભિલડી સ્ટેશનથી શૉર્ટ ઓરિજિનેટ થશે તથા ભુજ-ભિલડી વચ્ચે આંશિક રૂપે રદ રહેશે.

ટ્રેન નંબર ૧૪૩૧૧ બરેલી-ભુજ એક્સપ્રેસ ૨૮ અને ૩૦ જુલાઈ તથા ૦૧ ઓગસ્ટ ૨૦૨૬ ના રોજ ચાંદલોડિયા સ્ટેશન પર શૉર્ટ ટર્મિનેટ થશે તથા ચાંદલોડિયા-ભુજ વચ્ચે આંશિક રૂપે રદ રહેશે અને ટ્રેન નંબર ૧૪૩૧૨ ભુજ-બરેલી એક્સપ્રેસ ૨૮, ૨૯ અને ૩૧ જુલાઈ તથા ૦૪ ઓગસ્ટ ૨૦૨૬ ના રોજ ચાંદલોડિયા સ્ટેશનથી શૉર્ટ ઓરિજિનેટ થશે તથા ભુજ-ચાંદલોડિયા વચ્ચે આંશિક રૂપે રદ રહેશે.

ટ્રેન નંબર ૨૦૬૮૬ કેએસઆર બેંગલુરૂ-ગાંધીધામ એક્સપ્રેસ ૦૧ ઓગસ્ટ ૨૦૨૬ ના રોજ અમદાવાદ સ્ટેશન પર શૉર્ટ ટર્મિનેટ થશે તથા અમદાવાદ-ગાંધીધામ વચ્ચે આંશિક રૂપે રદ રહેશે અને ટ્રેન નંબર ૨૦૬૮૫ ગાંધીધામ-કેએસઆર બેંગલુરૂ એક્સપ્રેસ ૦૪ ઓગસ્ટ ૨૦૨૬ ના રોજ અમદાવાદ સ્ટેશનથી શૉર્ટ ઓરિજિનેટ થશે તથા ગાંધીધામ-અમદાવાદ વચ્ચે આંશિક રૂપે રદ રહેશે.

ટ્રેન નંબર ૧૬૩૩૬ નાગરકોઈલ-ગાંધીધામ એક્સપ્રેસ ૨૮ જુલાઈ ૨૦૨૬ ના રોજ અમદાવાદ સ્ટેશન પર શૉર્ટ ટર્મિનેટ થશે તથા અમદાવાદ-ગાંધીધામ વચ્ચે આંશિક રૂપે રદ રહેશે અને ટ્રેન નંબર ૧૬૩૩૫ ગાંધીધામ-નાગરકોઈલ એક્સપ્રેસ ૩૧ જુલાઈ ૨૦૨૬ ના રોજ અમદાવાદ સ્ટેશનથી શૉર્ટ ઓરિજિનેટ થશે તથા ગાંધીધામ-અમદાવાદ વચ્ચે આંશિક રૂપે રદ રહેશે.

ટ્રેન નંબર ૨૨૯૦૩ બાન્દ્રા ટર્મિનસ–ભુજ એસી એક્સપ્રેસ ૩૧ જુલાઈ અને ૦૨ ઓગસ્ટ ૨૦૨૬ ના રોજ અમદાવાદ સ્ટેશન પર શૉર્ટ ટર્મિનેટ થશે તથા અમદાવાદ-ભુજ વચ્ચે આંશિક રૂપે રદ રહેશે અને ટ્રેન ટ્રેન નંબર ૨૨૯૦૪ ભુજ–બાન્દ્રા ટર્મિનસ એક્સપ્રેસ ૦૧ અને ૦૩ ઓગસ્ટ ૨૦૨૬ ના રોજ અમદાવાદ સ્ટેશનથી શૉર્ટ ઓરિજિનેટ થશે તથા ભુજ-અમદાવાદ વચ્ચે આંશિક રૂપે રદ રહેશે.

ટ્રેન નંબર ૧૧૦૯૨ પુણે-ભુજ એક્સપ્રેસ ૦૩ ઓગસ્ટ ૨૦૨૬ ના રોજ અમદાવાદ સ્ટેશન પર શૉર્ટ ટર્મિનેટ થશે તથા અમદાવાદ-ભુજ વચ્ચે આંશિક રૂપે રદ રહેશે અને ટ્રેન નંબર ૧૧૦૯૧ ભુજ-પુણે એક્સપ્રેસ ૦૫ ઓગસ્ટ ૨૦૨૬ ના રોજ અમદાવાદ સ્ટેશનથી શૉર્ટ ઓરિજિનેટ થશે તથા ભુજ-અમદાવાદ વચ્ચે આંશિક રૂપે રદ રહેશે.

ટ્રેન નંબર ૨૦૯૩૬ ઈન્દૌર-ગાંધીધામ એક્સપ્રેસ ૦૨ ઓગસ્ટ ૨૦૨૬ રોજ અમદાવાદ સ્ટેશન પર શૉર્ટ ટર્મિનેટ થશે તથા અમદાવાદ-ગાંધીધામ વચ્ચે આંશિક રૂપે રદ રહેશે અને ટ્રેન નંબર ૨૦૯૩૫ ગાંધીધામ-ઈન્દૌર એક્સપ્રેસ ૦૩ ઓગસ્ટ ૨૦૨૬ ના રોજ અમદાવાદ સ્ટેશન થી શૉર્ટ ઓરિજિનેટ થશે તથા અમદાવાદ-ગાંધીધામ વચ્ચે આંશિક રૂપે રદ રહેશે.યાત્રીઓને જણાવવામાં આવે છે કે તેઓ યાત્રાથી પહેલાં ટ્રેનોના સમય, સ્ટોપેજ અને અન્ય અદ્યતન માહિતી માટે રેલવેની અધિકૃત વેબસાઈટ www. enquiry.indianrail. gov.in નું અવલોકન કરે.

લોકભવન ખાતે રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રતજીના અધ્યક્ષસ્થાને પ્રાકૃતિક કૃષિનો વ્યાપ વધારવા અંગે ઉચ્ચસ્તરીય બેઠક યોજાઈ

# પ્રાકૃતિક ખેતી એ હવે માત્ર કોઈ એક પ્રદેશની નહીં, પરંતુ ગ્લોબલ વોર્મિંગ અને પર્યાવરણીય અસંતુલન સામે સમગ્ર વિશ્વની અનિવાર્ય જરૂરિયાત છેઃ રાજ્યપાલશ્રી



ગાંધીનગર સ્થિત લોકભવન ખાતે રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રતજીના અધ્યક્ષસ્થાને પ્રાકૃતિક કૃષિનો વ્યાપ વધારવા માટે ઉચ્ચસ્તરીય બેઠકનું આયોજન કરવામાં આવ્યું હતું. આ બેઠકમાં કૃષિ મંત્રી શ્રી જીતુભાઈ વાઘણી, ઈન્ડિયન કાઉન્સિલ ઓફ એગ્રીકલ્ચરલ રિસર્ચ (ICAR) ના ડાયરેક્ટર જનરલ શ્રી એમ. એલ. જાટ, લોકભવનના અગ્ર સચિવ શ્રી અશોક શર્મા, કૃષિ યુનિવર્સિટીઓના કુલપતિઓ, ગુજરાત પ્રાકૃતિક કૃષિ વિજ્ઞાન વિશ્વવિદ્યાલયના કુલપતિ, આઈ.સી. એ.આર તેમજ કૃષિ વિભાગ અને આત્માના વરિષ્ઠ અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા. આ બેઠકમાં પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીના માર્ગદર્શન હેઠળ દેશભરમાં ચાલી રહેલા રાષ્ટ્રીય પ્રાકૃતિક કૃષિ મિશનને સંસ્થાગત રીતે કેવી રીતે વ્યાપક બનાવી શકાય તેના પર ગહન વિચાર-વિમર્શ કરવામાં આવ્યું હતુ.

રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રતજીએ જણાવ્યું હતું કે, ગ્લોબલ વોર્મિંગ, દૂષિત હવા-પાણી અને જમીનની ઘટતી જતી ફળદ્રુપતાના કારણે આજે પ્રાકૃતિક ખેતી એ માત્ર ભારતની નહીં પરંતુ સમગ્ર વિશ્વની અનિવાર્ય જરૂરિયાત બની ગઈ છે. જો આઈ.સી.એ.આર.ના માધ્યમથી આ મિશન વધુ વૈજ્ઞાનિક ઢબે આગળ વધશે, તો દેશનો છેવાડાનો ખેડૂત પણ તેને સરળતાથી અપનાવી શકશે.

રાજ્યપાલશ્રીએ જણાવ્યું કે તેઓ જ્યારે હિમાચલ પ્રદેશના રાજ્યપાલ હતા ત્યારે તેમણે બે વર્ષમાં ૩૫,૦૦૦ ખેડૂતોને પ્રાકૃતિક ખેતી સાથે જોડ્યા હતા, જ્યારે હાલની સ્થિતિએ તે સંખ્યા વધીને ૨.૫ લાખથી વધુ છે. પ્રાકૃતિક કૃષિનો એક જ ઉદ્દેશ્ય છે કે લોકો સ્વસ્થ રહે, ધરતી માતા બચે, પાણી અને પર્યાવરણનું રક્ષણ થાય તથા આપણી આવનારી પેઢીઓ સુરક્ષિત બને. રાજ્યપાલશ્રીએ પ્રાકૃતિક કૃષિ માટેની ટ્રેનિંગ પર વધુમાં વધુ ધ્યાન આપવા પણ સૂચવ્યું હતું.

કૃષિ મંત્રી શ્રી જીતુભાઈ વાઘણીએ આ મિશનનો વ્યાપ વધારવા અંગે માર્ગદર્શન આપ્યું હતું અને રાજ્ય સરકારના તમામ વિભાગોને સાથે મળી આ મિશનને વધુ વેગવંતુ બનાવવા તમામ તૈયારીઓ દર્શાવી હતી.

બેઠકમાં ICAR ના ડાયરેક્ટર જનરલશ્રીએ જણાવ્યું કે જો પ્રાકૃતિક કૃષિના મિશનને વૈજ્ઞાનિક પુરાવાઓ સાથે જોડવામાં આવશે, તો તેનો વિસ્તાર અત્યંત ઝડપથી થશે. કૃષિ યુનિવર્સિટીઓએ ખેડૂતોની સફળતાની વાર્તાઓ, વિવિધ જમીનના પ્રકાર અને ક્રોપિંગ સિસ્ટમનું વૈજ્ઞાનિક દસ્તાવેજીકરણ કરવું પડશે, જેથી ખેડૂતોનો વિશ્વાસ વધશે. આ સાથે જ કૃષિ વિજ્ઞાન કેન્દ્રોને અપગ્રેડ કરવા અંગે પણ ચર્ચા કરવામાં આવી હતી.

જમીનના પોષક તત્વો અને સુક્ષ્મજીવો સીધા માનવ સ્વાસ્થ્ય સાથે જોડાયેલા છે. ખેતીમાં રાસાયણિક ખાતરોના વધુ ૨ડતા ઉપયોગથી લોકોમાં બીમારીઓ વધી રહી છે, ત્યારે એગ્રીકલ્ચર અને હેલ્થ સાયન્સને જોડીને પ્રાકૃતિક અન્નની ગુણવત્તાનું ગહન સંશોધન કરવું અનિવાર્ય છે.

રાસાયણિક ખેતીથી જમીનની નીચે સબ-સોઈલ કૉમ્પેક્શન વધી ગયું છે, એટલે કે જમીન કડક થઈ રહી છે. જેથી મૂળ નીચે જઈ શકતા નથી. જેમ-જેમ નેચરલ કાર્બન વધે છે, તેમ બલ્ક ડેન્સિટી ઓછી થાય છે અને જમીન છિદ્રાળુ બને છે. નોંધનીય છે કે, ગુજરાતમાં ૮ લાખથી વધુ ખેડૂતો પ્રાકૃતિક કૃષિ કરી રહ્યા છે જેના પરિણામે રાજ્યમાં હજારો મેટ્રિક ટન યુરિયા અને ડીએપી જેવા રાસાયણિક ખાતરોનો વપરાશ ઘટ્યો છે.

# મીલાવટે હદ વાળીઃ ૫ રૂપીયાના પડીકામાં કેન્સરનુ જોખમ વધારતી ઓઈલ સોલ્યુબલ ડાય ભેળવી સ્નેકસ બનાવવાનુ કૌભાંડ

પ્રતિનિધિ,ગાંધીનગર

અમદાવાદના અમરાઈવાડી વિસ્તારમાંથી સ્નેકસના નામે વેચાઈ રહેલા ૧, ૫૦૦ કિલોગ્રામ જથ્થાને તાત્કાલીક અસરથી સીઝ કરી અમન સેલ્સ એજન્સી ના એકમને સીલ મારવામાં આવ્યુ છે. આ એકમમાં નાની વયના બાળકો દ્વારા નાસ્તા તરીકે ખાવા માટે લેવામાં આવતો બચ્ચો કા પાસ્તા નામના સ્નેકસના સેમ્પલમાંથી ઓઈલ સોલ્યુબલ ડાય મળી આવી હતી. જે ખાદ્ય પદાર્થો માટે પ્રતિબંધિત છે.

આ ડાયવાળા સ્નેકસ ખાવાથી લાંબા ગાળે કેન્સર જેવો જીવલેણ રોગ થઈ શકે છે. આ એકમમાંથી લેવામાં આવેલા કુલ ૭ સેમ્પલ પૈકી ૬ સેમ્પલના લેબોરેટરી રીપોર્ટ હજુ આવવાના બાકી છે.




નોધપાત્ર બાબત એ છે કે તપાસ દરમિયાન આ ઉત્પાદનોનુ ઉત્પાદન ધારીવાલા ફુડસ, સુજાનપુર હાઈવે, સિધ્ધપુર, પાટણ ખાતે થતુ હોવાનુ બહાર આવ્યુ છે. ભેળસેળ કરનારાઓની માનવતા મરી પરવારી હોય તેમ નાની વયના બાળકોની ખાદ્ય ચીજોમાં પણ અખાદ્ય ઓઈલ સોલ્યુબલ ડાયનો ઉપયોગ કરવા લાગ્યા છે.

સિધ્ધપુર ખાતેના એકમમાં ઉત્પાદન થતુ હોવાનુ બહાર આવતા રાજય સરકારના સંબંધિત વિભાગના અધિકારીઓને કાયદેસરની કાર્યવાહી કરવા જાણ કરવામાં આવી છે. ગઈ કાલે શુક્રવારે ૧૭ જુલાઈએ આ એકમમાંથી સબ સ્ટાન્ડર્ડ અને અનસેફ હોવાની સંભાવના જણાતા એવા ૭૫ હજાર સ્નેકસના પેકેટ સીઝ કરવામાં આવ્યા છે. જેની કિંમત અંદાજે ૩.૭૫ લાખ જેટલી થવા જાય છે. અમદાવાદીઓની બદલાયેલી લાઈફ સ્ટાઈલ અને વ્યસ્ત બનતી જીંદગી ની વચ્ચે ઘરે બનતી ખાદ્યચીજો ખાવાના બદલે મોટાભાગનો વર્ગ તૈયાર મળતા પડીકા કલ્ચર તરફ ખુબ ઝડપથી આગળ વધી રહ્યો છે. પરંતુ વિવિધ પ્રકારની ખાદ્ય ચીજોના બજારમાં મળતા ૫-૫ રૂપીયાના પડીકામાં કયુ કન્ટેન્ટ કેટલા પ્રમાણમાં વપરાયુ છે કે તેની ગુણવત્તા કયા પ્રકારની છે તે જોવા કે ચકાસવાનો આજે કોઈની પાસે સમય ન હોય તેવા દ્રશ્યો અમદાવાદ શહેરના મોટાભાગના વિસ્તારો અને પરીવારોમાં જોવા મળી રહ્યા છે. કોર્પોરેશનના ફુડ વિભાગ દ્વારા કરવામાં આવતી તપાસ દરમિયાન બાપુનગર વિસ્તારમાંથી બચ્ચો કા પાસ્તા નામના સ્નેકસ પેકેટનો એક નમુનો લેવામાં આવ્યો હતો. કોર્પોરેશનની પબ્લીક હેલ્થ લેબોરેટરીમાં આ નમુનાની તપાસ કરવામાં આવતા પાસ્તા બનાવવા માટે ઓઈલ સોલ્યુબલ ડાયનો ઉપયોગ કરવામાં આવ્યો હોવાનુ બહાર આવ્યુ હતું. ત્યારપછી વધુ તપાસમાં આ સ્નેકસનુ વેચાણ અમરાઈવાડી વિસ્તારમાં આવેલા શીવનંદનગરના સી-૬૯ -૧૨૦૨ ખાતેથી તેના માલીક મહેન્દ્ર શીવપુજન ગુપ્તા દ્વારા કરવામાં આવ્યુ હતું.

અરવલ્લી જિલ્લા ભાજપમાં ભુકંપ : જિલ્લા ભાજપ પ્રમુખ સામે ગંભીર આક્ષેપોઃ

# અરવલ્લી નકલી સિંચાઈ કચેરી મામલે રાજકીય ગરમાવોઃ યુથ કોંગ્રેસે રૂ.૪૦ થી વધુ કરોડના કથિત ભ્રષ્ટાચારના આક્ષેપો સાથે ઉચ્ચસ્તરીય તપાસની કરી માંગ

પ્રતિનિધિ,ગાંધીનગર

કથિત સિંચાઈ કચેરી મામલે કમિટી બનાવવામાં આવી હતી અને તપાસ બાદ સમગ્ર તપાસનો રીપોર્ટ ગુજરાત સરકારમાં મોકલવામાં આવ્યો હતો અને આ તપાસ પૂર્ણ થતા અહેવાલ પણ જિલ્લામાં મોકલી આપવામાં આવ્યો હોવાનુ સુત્રો દ્વારા જાણવા મળી રહ્યુ છે. જો કે જિલ્લાના જવાબદાર તંત્ર દ્વારા અહેવાલ રજુ કરવામાં આવ્યો કે નહી તેને લઈ સવાલો ઉભા થઈ રહ્યા છે. તો બીજી તરફ એ પણ સુત્રો દ્વારા માહિતી મળી છે કે કેટલીક એજન્સીઓ તરફથી રકમ રીકવર પણ કરવામાં આવી રહી છે. અરવલ્લી જિલ્લામાં ૨૨ મે ૨૦૨૪ ના રોજ ઝડપાયેલી કથિત નકલી સિંચાઈ કચેરીના મામલે હવે રાજકીય માહોલ ગરમાયો છે. જિલ્લા યુથ કોંગ્રેસ પ્રમુખ આસુતોષ રાઠોડે પ્રેસ કોન્ફરન્સ યોજી જણાવ્યુ હતુ કે પૂર્વ કાર્યપાલક ઈજનેર પી એમ ડામોર અને ભાજપના જિલ્લા પ્રમુખ ભીખાજી ડામોર વિરૂધ્ધ અંદાજે રૂપીયા ૪૦ થી ૪૨ કરોડના કથિત ભ્રષ્ટાચારના ગંભીર આક્ષેપો કરવામાં આવ્યા છે. આસુતોષ રાઠોડે દાવો કર્યો હતો કે વર્ષ ૨૦૧૮ થી ૨૦૨૩ દરમિયાન પરીવારજનોના નામે ૧૦ થી ૧૫ જેટલી મજુર મંડળીઓ બનાવી મેઘરજ, માલપુર, ધનસુરા અને ભિલોડા તાલુકામાં વિવિધ વિકાસના કામો કરવામાં આવ્યા હતા. તેમના આક્ષેપ મુજબ અનેક કામો નિયમિત ટેન્ડર પ્રક્રિયા વિના ફાળવવામાં આવ્યા હતા અને સરકારી નાણાંની ગેરરીતી આચરવામાં આવી હતી.

પ્રેસ કોન્ફરન્સ દરમિયાન તેમણે આરટીઆઈના આધારે મેળવેલા હોવાનુ જણાવતા દસ્તાવેજો રજુ કરી સમગ્ર મામલે ભ્રષ્ટાચાર વિરોધી બ્યુરો, લોકાયુકત સહિત સંબંધિત ઉચ્ચ અધિકારીઓ દ્વારા નિષ્પક્ષ તપાસ કરાવવાની માંગ કરી હતી.

યુથ કોંગ્રેસે ચેતવણી આપી હતી કે જો સમગ્ર મામલે યોગ્ય તપાસ નહી કરવામાં આવે તો ગુજરાત હાઈકોર્ટમાં જાહેરહીતની અરજી દાખલ કરવામાં આવશે અને ઉગ્ર આંદોલન શરૂ કરવામાં આવશે. જો કે સમગ્ર આક્ષેપોને લઈ મીડીયા કર્મીઓ દ્વારા જિલ્લા સંગઠન પ્રમુખને આ બાબતે પુછવામાં આવતા તેમણે જણાવ્યુ હતુ કે આ બાબતે સમય આવશે ને તપાસ થશે ત્યારે જવાબ આપીશું. તેમજ આ બાબતે જે હશે એ તપાસનો વિષય છે તેવુ જણાવ્યુ હતું. ત્યારે હવે જોવુ એ રહ્યુ કે શું આ આક્ષેપોને લઈ યોગ્ય તપાસ થશે કે નહી, કે પછી બધુ દબાવી લેવામાં આવશે કે પછી આક્ષેપો ખોટા સાબિત થશે કે સાચા એ તો આવનાર સમય જ બતાવશે.


**પશ્ચિમ રેલ્વે**

**લિફ્ટ્સની જોગવાઈ**

Sr.DEE/P/BCT દ્વારા ઇ-ટેન્ડર સૂચના નં. EL-166-160-WA-84(R-2) તારીખ: 03.07.2026 (બે પેકેટ સિસ્ટમ) આમંત્રિત કરવામાં આવી છે. કાર્ય અને સ્થાન: મુંબઈ વિભાગ (નોન-સબર્બન સેક્શન) - સ્ટેશનોના ફૂટ ઓવર બ્રિજ પર લિફ્ટ (27 નંબર) ની જોગવાઈ (ઇલેક્ટ્રિકલ અને સિવિલ કાર્ય માટે સંયુક્ત ટેન્ડર). કાર્યની અંદાજિત કિંમત: ₹17,09,47,471.81/- EMD: ₹34,19,000/-. સબમિશનની તારીખ અને સમય: તા.27.07.2026 ના 15:00 કલાક સુધી. ખુલવાની તારીખ અને સમય: તા.27.07.2026 ના રોજ 15:30 કલાકે. વધુ વિગતો માટે કૃપા કરીને અમારી વેબસાઇટ www.ireps.gov.in ની મુલાકાત લો. 0375

અમને લાઈક કરોઃ facebook.com/WesternRly

**પશ્ચિમ રેલ્વે**

**સમારકામ કાર્ય**

ડિવિઝનલ રેલ્વે મેનેજર (WA), પશ્ચિમ રેલ્વે, છઠ્ઠો માળ, એન્જિનિયરિંગ વિભાગ, મુંબઈ સેન્ટ્રલ, મુંબઈ - 400 008, ઇ-ટેન્ડર સૂચના નં. BCT/26-27/94 તા. 13/07/2026 ને આમંત્રણ આપે છે. કાર્ય અને સ્થાન: વિરાર-જોરાવાસન વિભાગ-કરંબેલી ગુડ્સ યાર્ડનો સમારકામ અને સુધારણા માર્ગ અને પ્લેટફોર્મ સપાટી. અંદાજિત કાર્ય ખર્ચ: ₹4,07,73,672.01/- EMD: ₹8,15,500/-. સબમિશન તારીખ અને સમય: તા.11.08.2026 ના 15:00 કલાક સુધી. ખુલવાની તારીખ અને સમય: તા.11.08.2026 ના રોજ 15:30 કલાકે. વધુ વિગતો માટે કૃપા કરીને અમારી વેબસાઇટ www.ireps.gov.in ની મુલાકાત લો. 0380

અમને લાઈક કરોઃ facebook.com/WesternRly

**પશ્ચિમ રેલ્વે**

**વિવિધ પ્રકારના કામો**

ડિવિઝનલ રેલ્વે મેનેજર (WA), પશ્ચિમ રેલ્વે, મુંબઈ સેન્ટ્રલ, મુંબઈ - 400 008.

| ક્ર. નં. | ટેન્ડર સૂચના નંબર અને તારીખ | કામ અને સ્થાન | કામનો અંદાજિત ખર્ચ | EMD in ₹ |
|---|---|---|---|---|
| 1 | BCT/26-27/96 તા.16/07/2026 | પશ્ચિમ રેલ્વેના ઉકાઈ સોનગઢ - જલગાંવ વિભાગ વચ્ચે સિનિયર ડેન (E) મુંબઈ સેન્ટ્રલના ADEN/અમાલનેર હેઠળ યાર્ડમાં વેલ્ડેડ મેશ પેનલ ફેન્સીંગ અને અસ્તિત્વમાં છે. ઊંચાઈ RCC B/દિવાલ ઉભી કરવી. | 4,01,82,143.76 | 8,03,700 |
| 2 | BCT/26-27/97 તા.16/07/2026 | ઉકાઈ સોનગઢ-જળગાંવ વિભાગ- સિનિયર ડેન/પૂર્વ અધિકારક્ષેત્રમાં લેવલ ક્રોસિંગ ઇન્ફ્રાસ્ટ્રક્ચર, ડ્રેનેજ વ્યવસ્થા અને રોડ સેફ્ટી બોર્ડમાં સુધારો | 2,63,96,455.71 | 5,27,900 |
| 3 | BCT/26-27/98 તા.16/07/2026 | ઉકાઈ સોનગઢ-જલગાંવ વિભાગ-: વાર્ષિક જાળવણી કરાર SSE(W) નવાપુર, નંદુરબાર અને અમલનેરના અધિકારક્ષેત્ર હેઠળ ૨ વર્ષ માટે પીવાના પાણી પુરવઠાનું જીવાણુ નાશક ક્રિયા. | 25,05,282.24 | 50,100 |

ઉપરોક્ત બધા ટેન્ડરો સબમિટ કરવાની તારીખ અને સમય: તા.11.08.2026 ના 15:00 કલાક સુધી. ખુલવાની તારીખ અને સમય: તા.11.08.2026 ના રોજ 15:30 કલાકે. વધુ વિગતો માટે કૃપા કરીને અમારી વેબસાઇટ www.ireps.gov.in ની મુલાકાત લો. મેન્યુઅલ ઑફર્સ ધ્યાનમાં લેવામાં આવશે નહીં. 0376

અમને લાઈક કરોઃ facebook.com/WesternRly •અમને ફોલો કરોઃ X.com/WesternRly

**પશ્ચિમ રેલ્વે**

**જાડા વેબ સ્વીચોની ખરીદી અને ફિલ્ડ ટ્રાયલ**

મુખ્ય ઇજનેર (ટ્રેક સપ્લાય), મુખ્ય મથક કાર્યાલય, જૂની ઇમારત, બીજો માળ, ચર્ચગેટ, મુંબઈ-400 020 દ્વારા ટેન્ડર સૂચના નં.: WTR/17/2026/01 તારીખ 16.07.2026 ને ફક્ત નીચેની વસ્તુઓના સપ્લાય માટે ઇ-પ્રોક્યોરમેન્ટ મોડ દ્વારા આમંત્રણ આપવામાં આવ્યું છે:

| ટેન્ડર નં.: WR-26-02-TWS-ટ્રાયલ | ટેન્ડરનું અંદાજિત મૂલ્ય: 1,43,72,400/- |
|---|---|

ટૂંકું વર્ણન: આઇટમ (A) રાહત વિના જાડા વેબ સ્વીચોની ખરીદી અને ફિલ્ડ ટ્રાયલ ટંગ રેલનું આયોજન, RDSO ડ્રોઇંગ નં. T-8780 Alt 4 અથવા નવીનતમ Alt. જો કોઈ હોય તો તેને અનુરૂપ હાલના 1 ઇન 12 જાડા વેબ સ્વીચોનો ઉપયોગ કરીને. ટેન્ડર જથ્થો: 10 સેટ.

ટૂંકું વર્ણન: આઇટમ (B) રાહત વિના જાડા વેબ સ્વિચની પ્રાપ્તિ અને ક્ષેત્ર પરીક્ષણ ટંગ રેલનું આયોજન, RDSO ડ્રોઇંગ નંબર T-9775 Alt 3 અથવા નવીનતમ Alt. જો કોઈ હોય તો તેને અનુરૂપ હાલના 1 ઇન 8.5 જાડા વેબ સ્વિચનો ઉપયોગ કરવો. ટેન્ડર જથ્થો: 10 સેટ.

નોંધઃ- નિરીક્ષણ અને દેખરેખ માટે પ્રોફોર્મા (પરિશિષ્ટ I) સાથે વિગતવાર ટ્રાયલ યોજના RDSO પત્ર નંબર CT/PTX (ભાગ) તારીખ 24-03-2026 મુજબ છે.

ઇ-ટેન્ડર બોક્સ બંધ કરવાની તારીખ અને સમય: 12.08.2026 ના રોજ 11:30 કલાકે. વધુ વિગતો માટે કૃપા કરીને અમારી વેબસાઇટ www.ireps.gov.in ની મુલાકાત લો 0378

અમને લાઈક કરોઃ facebook.com/WesternRly •અમને ફોલો કરોઃ X.com/WesternRly

# પોલીસ અધિકારીઓએ સરકારની ગુડબુકમા આવવા કે સરકાર તરફથી એવોર્ડ મળે અને જનતામા તેમની વાહવાહી થાય તેવી માનસિકતાથી દૂર રહેવું જોઈએ

(નીડર, નિષ્પક્ષ, તટસ્થ છગનલાલ મેવાડા ધ્વારા) સુરત

ગુજરાતમા એક સમયે લાંબા સમય સુધી ગુનાહિત પ્રવૃત્તિઓ પર લતિફ ગેંગના સાગરીતો ધ્વારા લાંબા સમય સુધી ગુજરાતમાં હત્યા, અપહરણ, ચોરી, જાહેરમા દારૂ-જુગાર, ખંડણી, કોઈની મિલકત પચાવી પાડવા જેવા અનેક ગુનામાં એક સરખું ગુનાહિત સામ્રાજય વર્ષો સુધી ચાલેલુ.

એક તરફ ગુજરાતમા પોરબંદરમા સરવણ મૂંઝા અને ભૂરા મૂંઝાની ગેંગો ધ્વારા તેમના સાગરીતો ધ્વારા પણ ગુજરાતમા ગુનાહિત પ્રવૃત્તિઓ જેવી કે હત્યા, અપહરણ, ચોરી, ખંડણી, જાહેરમા દારૂ-જુગાર, ખંડણી, કોઈની મિલકત પચાવી પાડવા જેવા વિવિધ ગુનાઓમાં આ ગેંગો પણ લાંબો સમય સુધી સક્રિય રહેલી. પરંતુ જે તે સમયના અધિકારીઓ, ગૃહમંત્રી અને સરકાર ધ્વારા જે તે સમયના જાબાંઝ અધિકારીઓને સૂચના આપતા તે મુજબ નિર્ણય લેતા હતા. એક સમયે અમદાવાદમા લતિફના દરીયાપુર પોપટીયાવાડ વિસ્તારમા નાના-મોટા કોન્સ્ટેબલો અને અધિકારીઓ ગુનેગારોને સમન્સ પાઠવવા કે તેઓને ઘરે ધડપકડ કરવા જતાં પણ પોલીસો લતિફ ગેંગ અને સાગરીતોથી ડરતી હતી. પરંતુ સરકારની મદદથી જાબાંઝ અધિકારી જેવાકે મહિલા **IPS** અધિકારી ગીતા જહોરી જેવા મહિલા હોવા છતાં તેઓ લતિફના ઘરમા ઘૂસીને તેનો કોલર પકડી ધડપકડ કરેલી.

ગુજરાતના પોલીસ અધિકારીઓમા એ.કે સુરલીયા, આશિષ ભાટિયા, પી.કે દત્તા, સતિષ વર્મા, તરુણ બારોટ, કુલદીપ શર્મા જેવા કેટલાક જાબાંઝ અધિકારીઓના નામથી ભલભલા ગુનેગારોની પેશાબ છૂટી જતો હતો. ગુજરાતમાં શંકરસિંહ વાઘેલાની સરકારના સમયમા લતિફનું એકાઉન્ટર કરવામાં આવ્યું અને એની ગેંગ અને સાગરીતોને લાંબા સમય સુધી જેલભેગા કરવામાં આવ્યા. કેટલાક ગુનેગારો આજદિન સુધી આજીવન સજા ભોગવી રહ્યા છે. એવી જ રીતે પોરબંદરમા સરવણ મૂંઝા અને ભૂરા મૂંઝાની ગેંગોનો સફાયો કરવા જાબાંઝ અધિકારી સતિશ વર્માની ત્યાં નિમણુંક કરવામાં આવેલી. અને જેતે સમયના ગૃહમંત્રી અને સરકાર ધ્વારા ગેંગવોર, માથાભારે તત્વોનોને જેલ ભેગા કરવામાં આવ્યા છે. આજ સુધી લતિફ ગેંગના માણસો અને પોરબંદર ગેંગના સાગરીતો કોઈપણ ગુનાનું નામ લેવાનું ભૂલી ગયા છે. નાના-મોટા ગુનેગારો વાતે વાતે કહેતા હતા કે “ હું લતિફ ગેંગનો માણસ છું કે પોરબંદર ગેંગનો માણસ છું. એમના આશીર્વાદ કે ઈશારાથી ગુનાહિત પ્રવૃત્તિઓ આચરતા હતા. પરંતુ આજની તારીખમા આવી કોઈ ગેંગ ગુજરાતમા સક્રિય નથી.

જે તે સમયના ગુનેગારો ગુનાહિત પ્રવૃત્તિઓ જેવી કે હત્યા, અપહરણ, ચોરી, ખંડણી, જાહેરમા દારૂ-જુગાર, ખંડણી, કોઈની મિલકત પચાવી પાડવા જેવા વિવિધ ગુનાઓના ગુનેગારોને જે તે સમયના જાબાંઝ પોલીસ અધિકારીઓ ગુનેગારોને જાહેરમા વરઘોડો /સરઘસ કાઢતા ન હતા. તેઓ ગુનેગારોના રિમાન્ડ લઈને કે અન્ય થર્ડ ડિગ્રી વાપરી ને ગુનેગારો પાસેથી ગુના કબુલાવતા હતા. ભવિષ્યમા કોઈ બીજો ગુનો ના આચારે તે માટે તેમની ખાસ સર્વિસ /ટ્રીટમેન્ટ કરતાં હતા. પરંતુ એ બધુ બંધ રૂમમા થતું હતું. જેમાં જાહેર જનતામા સિંઘમ બનવું કે પોતાની વાહવાહી માટે નહીં કરતાં હતા. અને તેઓ ગુજરાત સરકારની ગુડબુકમા નામ માટે નહીં પરંતુ તેઓની ફરજ માટે કામ કરતાં હતા.અને તેઓ ફરજનું પાલન કરતાં હતા. અને ગુજરાતના કોઈપણ શહેરમા અશાંતિ ફેલાય નહીં તેનો પૂરેપૂરો ખ્યાલ રાખતા હતા. આવા જાબાંઝ અધિકારીઓ કોઈપણ દિવસ જાહેરમા કોઈ આમંત્રિત ફંક્શનમા જતાં નહીં કે ફોટો સેશન કે રિલ્સો બનાવતા ન હતા કે કોઈ પણ જાતની પબ્લિસિટી મેળવતા ન હતા.

પરંતુ અત્યારના **SOG** ના **DCP** આઈપીએસ અધિકારી રાજદીપસિંહ નકુમ નાના-મોટા ગુનેગારોનું જાહેરમા વરઘોડો/સરઘસ કાઢે તે **IPS** અધિકારીને શોભતું નથી. તેઓ પોતાની **AC** ઓફિસમા બેસી **PI, PSI** કે એમની ટીમ પાસે કામગીરી લેવી જોઈએ. સુપ્રીમ કોર્ટ, ગુજરાત હાઈકોર્ટના કાયદાકીય આદેશ મુજબ નાનામા નાનો કોન્સટેબલ કે ઉચ્ચ અધિકારી જાહેર રસ્તામા ગુનેગારોનું વરઘોડો/સરઘસ નિકાળવું એ શરમજનક ઘટના છે. અમે ગુનેગારોને બચાવવા કે તરફેણ કરવા માંગતા નથી. કોઈપણ ગુનેગારોને કોઈપણ ગુના માટે કડકમા કડક સજા મળવી જોઈએ. પરંતુ જાહેરમા ગુનેગારને ૫-૧૦ લાફા મારવાથી ગુનો અટકી જવાનો નથી. એમને તો માત્ર ઉચ્ચ કક્ષાના અધિકારીઓની સૂચનાઓથી કાયદાની કોઈપણ છટક બારીમાંથી છટકી ના જાય એવા કાગળો તૈયાર થવા જોઈએ. જેના થકી એમને લાંબા સમય સુધી જેલની સજા થાય, ટૂંક સમયમા એમની જામીન ના મળે તેવી કડકમા કડક સજા થવી જોઈએ.

ગુનેગારોની જાહેર રસ્તા મા રિલ્સો બનાવી કે ફોટોગ્રાફી કરવાથી એમનો જાહેર જનતામા કોઈ પણ ખોફ દૂર થવાનો નથી. એમને તો માત્ર ને માત્ર જેવા જેવા ગુના કરેલા હોય તેવા ગુના માટે કાયદાની જે જે કલમો લાગુ પડતી હોય તે કલમો ધ્વારા તેમના કાગળો બનાવી લાંબા સમય સુધી જેલની સજા ભોગવે તો જ એમની શાન ઠેકાણે આવે કે પછી એમને બંધ રૂમમા કાયદા મુજબ અદાલતના આદેશથી રિમાન્ડ લઈને કે અન્ય થર્ડ ડિગ્રી વાપરી ને ભવિષ્યમા કોઈ બીજો ગુનો ના આચારે તે માટે તેમની ખાસ સર્વિસ /ટ્રીટમેન્ટ કરવી જોઈએ કે જેથી તેઓ આખી જિંદગી ગુનેગારીની દુનિયામાંથી કાયમ માટે સંન્યાશ લઈ લે. અથવા બીજી વખત કોઈ ગુનો આચરે નહીં એવી એની માનસિકતા થઈ જવી જોઈએ. પરંતુ થોડાક સમય પહેલા અમદાવાદમા ક્રાઈમ બ્રાન્ચના **DCP** શરદ સિંગલ ચંડોળા તળાવમા એક નાના-મોટા ગુનેગારની માહિતી મળી કે જે દેશી તમંચો રાખતા હતા. એવી માહિતીના આધારે ગુનેગારને પકડવા માટે ક્રાઈમના **DCP** શરદ સિંગલ જાતે એમની ટીમ સાથે ચંડોળા તળાવ ગયેલા.અને એમ કહેવાયેલું કે ગુનેગારે **DCP** શરદ સિંગલ ઉપર ચપ્પુ-છરી વડે જીવલેણ હુમલો કરેલો ત્યારે **DCP** શરદ સિંગલે બાજુમા ઉભેલા પીઆઈની રિવોલ્વર લઈ ગુનેગારને યોગીની યુપી સરકારની પેટન્ટ માફક એના પગમા ગોળી મારેલી. જ્યા સુધી **DCP** શરદ સિંગલ **PI** ની રિવોલ્વર લઈ ગુનેગારને પગમા ગોળી મારેલી ત્યાં સુધી ગુનો આચારનાર ગુનેગાર તમારા ઉપર ચપ્પુ –છરી તાંકીને ઊભો રહેલો? આવી ઉચ્ચ અધિકારીની વાતો આમ જનતાને ગળે ઊતરે તેમ નથી.

જેવી રીતે અમદાવાદ શહેરના ક્રાઈમ બ્રાન્ચના ડીસીપીને માત્ર એમની **AC** ઓફિસમાંથી **PI, PSI** કે એમની ટીમ ધ્વારા તેમના અનુભવો મુજબ કામગીરી લેવી જોઈએ. પરંતુ આજના ગુજરાતમા કંઈક જુદું જ થઈ રહ્યું છે. પોલીસ અધિકારીનું સરકારની ગુડબુકમા એનું નામ આવે કે સરકાર તરફથી એવોર્ડ મળે અને જનતામા તેમની વાહવાહી થાય તે આજના અધિકારીઓની માનસિકતા છે. ગૃહમંત્રી અને સરકારએ સાબિત કરવા માંગે છે કે અમારી સરકાર આમ જનતા માટે અમારા પોલીસ અધિકારીઓ શું કરી રહ્યા છે. પરંતુ એ ખોટી વાહવાહી લેવા માટે છે. અને પોતાની પબ્લિસિટી લેવા માટે. જેવી રીતે હાલ સુરતમા ૪૨ પોલીસ સ્ટેશન ના **PI, PSI** કે સ્ટાફ, ક્રાઈમ **(DCB)** બ્રાન્ચના અધિકારીઓ, ઈકોસેલ, સાયબર ક્રાઈમ, **PCB** જેવી અલગ-અલગ શાખાના અધિકારીઓ કે સ્થાનિક કક્ષાના અધિકારીઓ ગુનાહિત પ્રવૃતિઓને ડામતા જ હોય છે. પરંતુ સુરતમા તો કંઈક જુદું જ ચાલી રહ્યું છે. જે **SOG** ના કામગીરીમા નથી આવતું તે કામ પણ **SOG** ના **DCP** નકુમે નાસિરનગર નું ડિમોલેશન હોય કે કોઈપણ નાના-મોટા ગુના આચરેલા, જામીનમુકત થયેલા ગુનેગારો હોય એમને **SOG**ની પોલીસ સ્ટેશનમા બોલાવી, જાહેરમા નાના-મોટા ગુનેગારોને ૫-૧૦ ફટકા મારવાથી સરકારની ગુડબુકમા એમનું નામ આવે કે જાહેર જનતામા એમની વાહવાહી થાય તે માટે આવા કામ કરતાં હોય છે. ગુજરાતના નાયબ મુખ્યમંત્રી, ગૃહમંત્રીએ આવા **SOG** ના **DCP** નકુમ જેવા અધિકારીની ગુજરાત સરહદ ઉપર એન્ટિ ટેરેરીસ એક્ટિવિટી, આંતકવાદ કે મોટો ગુનો આચરણ કરી ગુજરાતમા અશાંતિ ફેલાવનારો કે કરોડો રૂપિયાના ડ્રગ્સની હેરાફેરી કરનારાઓને પકડી શકે એવા ગુજરાતના સંવેદનશીલ વિસ્તારમા તેમની બદલી કરવી જોઈએ. અને ત્યા તેમની પાસે આવી કામગીરી લેવી જોઈએ.

### શિક્ષણનું સત્યાનાશ ના થાય તો શું થાય?

## દેશની એક લાખથી વધુ શાળાઓ માત્ર એક જ શિક્ષકના ભરોસે ચાલી રહી છે

(નીડર, નિષ્પક્ષ, તટસ્થ છગનલાલ મેવાડા ધ્વારા) સુરત

ભારત હોય કે વિશ્વ શિક્ષણ માત્ર પાઠયપુસ્તકોનું જ્ઞાન નથી. તે બાળકમા વિચાર શક્તિ, સર્જનાત્મકતા, નૈતિક મૂલ્યો, સામાજિક સમજ અને જીવન કૌશલ્ય વિકસાવવાની પ્રક્રિયા છે. પરંતુ જ્યારે એક જ શિક્ષક પાંચ કે છ ધોરણના વિદ્યાર્થીઓને સાથે ભણાવતો હોય ત્યારે દરેક બાળક સુધી વ્યક્તિગત ધ્યાન પહોંચાડવું અશક્ય બની જાય છે. પરિણામે શિક્ષણનું સ્તર ઘટે છે. અને સૌથી મોટું નુકશાન ગરીબ અને ગ્રામ્ય વિસ્તારના લાખો બાળકોને સહન કરવું પડે છે.

પરંતુ જ્યારે સરકારી આંકડા જ બતાવે છે કે દેશમા એક લાખથી વધુ સરકારી શાળાઓ માત્ર એક જ શિક્ષકના ભરોસે ચાલી રહી છે ત્યારે એ માત્ર ચિંતાનો વિષય નથી રહેતો. પરંતુ સમગ્ર શિક્ષણ નીતિ સામે ગંભીર પ્રશ્નાર્થ ઊભો કરે છે. જ્યારે કેન્દ્ર સરકારના શિક્ષણ મંત્રાલય હેઠળના યુડાઈસ પ્લસ **(UDISE+)** ૨૦૨૫-૨૬ ના અહેવાલ મુજબ દેશભરમાં એક લાખથી વધુ શાળાઓમા માત્ર એક જ શિક્ષક કાર્યરત છે. આવા શિક્ષકને એક સાથે વિવિધ ધોરણોના વિદ્યાર્થીઓને ભણાવવા પડે છે. શાળાનું વહીવટી કામ સંભારવું પડે છે. સરકારી યોજનાઓનો અમલ કરાવવો પડે છે. અને ચૂંટણીથી લઈને જનગણના જેવી ફરજો પણ બજાવવી પડે છે.

આવી સ્થિતિમા ગુણવત્તાસભર શિક્ષણની અપેક્ષા રાખવી કેટલી વાસ્તવિકતા છે? રાષ્ટ્રીય શિક્ષણનીતિ ૨૦૨૦મા ગુણવત્તાયુકત અને સર્વસમાવેશક શિક્ષણનું સ્વપ્ન રજૂ કરવામાં આવ્યું છે. પરંતુ નીતિના સુંદર દસ્તાવેજો ત્યારે જ અર્થપૂર્ણ બને જ્યારે વાસ્તવમા પૂરતા શિક્ષકો યોગ્ય માળખાકીય સુવિધાઓ અને અસરકારક, અમલીકરણ જોવા મળે, શિક્ષક વગરની કે એક જ શિક્ષક પર આધારિત શાળા કોઈપણ શિક્ષણ નીતિના ઉદ્દેશોને પૂર્ણ કરી શકતી નથી.

ખાસ કરી ગ્રામ્ય, આદિવાસી અને દૂરદરાજના વિસ્તારોમા શિક્ષકોની અછત વધુ ગંભીર છે. જ્યાં શિક્ષણની સૌથી વધુ જરૂર છે ત્યાં જ સૌથી ઓછી સુવિધાઓ ઉપલબ્ધ હોવીએ વિકાસના આવઓને નબળા પાડે છે. શિક્ષકની ખાલી જગ્યાઓ વર્ષો સુધી ભરાતી નથી. બદલીની નીતિમા અસંતુલન રહે છે અને નવી ભરતીમાં વિલંબ થતો રહે છે.આ સમસ્યાઓનો સીધો ભોગ વિદ્યાર્થીઓ બને છે. અંતે પ્રશ્ન માત્ર એક લાખ શાળાઓનો નથી. પ્રશ્ન લાખો બાળકોના ભવિષ્યનો છે. જે દેશમા દરેક બાળકને સમાન અને ગુણવત્તાસભર શિક્ષણ આપવાનો સંકલ્પ છે ત્યાં એક શિક્ષણવાળી શાળાઓનું અસ્તિત્વ જ નીતિ અને અમલીકરણ વચ્ચેના અંતરને ઉજાગર કરે છે. હવે સમય આવી ગયો છે કે સરકાર આં પડકારને ગંભીરતાથી સ્વીકારી ઝડપી અને અસરકારક પગલાં ભરે. કારણકે મજબૂત શિક્ષક વિના મજબૂત શિક્ષણ વિના મજબૂત રાષ્ટ્રનું નિર્માણ પણ શકય નથી. કારણકે ભારતને યુવા દેશ તરીકે ઓળખવામાં આવે છે. વિશ્વની સૌથી મોટી વિદ્યાર્થી વસ્તી ધરાવતા દેશમા શિક્ષણ વ્યવસ્થાની મજબૂતાઈ જ વિકાસનો સાચો આધાર છે.

### વાલ્મીકિ સમાજ માટે જાહેર નિવેદન

## વાલ્મિકી સમાજ ના પુત્ર પુત્રી દીકરી જમાઈ ના લગ્ન જીવન સુખરૂપે ચાલે તે માટે સહયોગ કરવાની સહુ ની પવિત્ર ફરજ

### જમાઈ ને દીકરો અને વહુ ને દીકરી સમજીએ સાસુ સસરા ને માતા પિતા સમજીએતો દીકરા દીકરી ના લગ્ન જીવન માં કોઈ સમસ્યા નહીં આવે

(છગનલાલ મેવાડા ધ્વારા)સુરત

આપણા સમાજ માં કેટલાક કુરિવાજો તેમજ ગજા બહારના ખર્ચા કરી છોકરા છોકરીના લગ્ન કરતાં હોય છે. લગ્ન પહેલા બંને પક્ષ એકબીજા પ્રત્યે એટલો પ્રેમ બતાવતાં હોયછે કે તેઓના પોતાના ભાઈ બહેન કરતાં એક બીજાને વધુ ચાહતા હોય છે. અને એટલી લાગણી ધરાવતા હોય છે. ખૂબ જ ઉત્સાહ અને એક બીજા સાથે સંબંધ કાયમના હોય એટલો વિશ્વાસ ધરાવતા હોય છે.એક બીજા વિરૂધ્ધ કોઈ પણ વાત સાંભળતા નથી કે એક બીજા ના અપમાન સહન કરી શકતાં નથી.આવા બે વેવાઈ કે વેવાણ મળે એટલે એક બીજા માટે જાન આપી દેવા તૈયાર હોય તેવું બતાવે વાસ્તવ માં એવું હોતું નથી.લગ્ન બાદ છોકરી સાસરે જાય અને સાસુ કે સાસરાથી નણંદ કે દિયર થી એક ભૂલ થાય કે કંઇ કહે એટલે છોકરી ના મોબાઈલ ચાલુ થઈ જાય છે. મોબાઈલ આવ્યા પછી માં નું વર્તન

**વાલ્મિકી સમાજ ઘણોજ આર્થિક શૈક્ષણિક રીતે પછાત છે**

કાયમ બદલાઈ જાય છે અને છોકરી ને કાયમ માટે પોતાના ઘેર રાખવાના હોય તેમ છોકરી ને વારંવાર ફોન કરી ને વાતાવરણ ડોહોળતા હોય છે છોકરી દિવસમાં એક બે વાર ફોન કરી માબાપ ના ખબર અંતર પૂછે તેને કોઈ ના નથી માબાપ અઢાર વીસ વર્ષ છોકરી ને જન્મ આપી મોટી કરી હોય એટલે સ્વાભાવિક તેઓ પણ પોતાની છોકરી ની લાગણી રાખી ફોન કરે તેમાં કોઈને વાંધો હોવો જોઈએ નહીં.

છોકરી ના લગ્ન બાદ છોકરી ની જવાબદારી વધી જાય છે અને સાસુ સસરા ને માં બાપ સમજી તેમની સાથે વહેવાર કરવો જોઈએ તેના બદલે નાની નાની બાબતે પિયર માં ફરિયાદ કરવાથી ઝઘડાનું ઘર ઊભું થાય છે આને કારણે જે ઘર શાંતિ ચાલતું હોય ત્યાં વિખવાદ શરૂ થાય છે ઘણીવાર ઝગડા ને કોઈ કારણ ના હોય પરંતુ માં બાપ અને એકાદ સગા કે વડીલ ના અહમના કારણે છોકરીના ઘરમાં બિન જરૂરી કંકાશ થાય છે જે છોકરી કે દીકરી પિયર કે માં બાપ ની સલાહ પ્રમાણે ચાલે ત્યાં ઝઘડાને વાર લાગતી નથી.જ્યાં શાંતિ થી રહેવાનું હોય છોકરી ક્યારે દૂધ શાકભાજી કે કોઈ કારણસર બહાર જવાનું નહોય તેવા પરિવાર માં ઝગડા થાય ત્યારે આશ્ચર્ય થાય.છોકરીના માં બાપ જ્યારે એમ કહે કે મારી છોકરી અને જમાઈ વચ્ચે કોઈ પ્રોબ્લેમ નથી પરંતુ? આવા આક્ષેપ બરાબર નથી. જો કોઈ છોકરો વ્યસની હોય કુટેવ ધરાવતો હોય તે સિવાય અન્ય છોકરા છોકરી ના લગ્નજીવન શાંતિ થી ચાલવા જોઈએ વ્યસનો અને કુટેવો તેમજ ભાષા ઉપર કાબુ ના હોય વડીલો નું સન્માન ના જળવાય ત્યારે પરિવાર બહુ દુ:ખી થાય છે. અમો એટલીજ સલાહ કે શિખામણ સાથે વિનંતી કરીએ છીએ કે છોકરા છોકરી ના જીવનમાં માં બાપ અથવા સાસુ સસરા એ લીમીટ માં જ સલાહ સૂચન કરવા જોઈએ. છોકરી ને સાસુ સસરા વિરુદ્ધ ઘર ના કોઈ સભ્ય વિરુદ્ધ કોઈપણ પ્રકાર ની ઉશ્કેરણી થી દૂર રહેવું જોઈએ. એકવાર છોકરી કે છોકરો તેના માબાપ ની હાજરીમાં સાસુ સસરા વિરુદ્ધ ખોટી ટિપ્પણી થી દૂર રહેવું જોઈએ.આ સંયુક્ત નિવેદન સમાજ માં કોઈ સમસ્યા ઉભી ના થાય તેવા શુભ આશય થી કરેલ છે તેની નોંધ લેવા વિનંતી.

## સુરતમાં ખેડુતોનો પાવરગ્રીડ કંપની વિરૂધ્ધ હલ્લાબોલ : કલેકટર કચેરીએ ઉગ્ર સુત્રોચ્ચાર

### મોટી સંખ્યામાં ખેડુતો સુત્રોચ્ચાર સાથે કલેકટર કચેરીએ પહોચ્યા: જમીન સંપાદન અને વળતર અંગે કંપનીની ભેદી ચુપકીદી

પ્રતિનિધિ,ગાંધીનગર
તસવીર યુનુસ મેમણ

સુરત જિલ્લામાંથી ખેડુતોના આક્રોશના મોટા સમાચાર આવી રહ્યા છે. સુરત જિલ્લાના વિવિધ ગામડાના ખેડુતો પોતાના ખેતરોમાંથી પસાર થઈ રહેલી હાઈ ટેન્શન પાવર લાઈનના પ્રોજેકટ સામે રણશિગુ ફુંકયુ છે. પાવરગ્રીડ કંપની દ્વારા ખેડુતોને વિશ્વાસમાં લીધા વિના જ જમીન પર લાઈનો નાંખવાની હિલચાલ શરૂ થતા જગતનો તાત લાલઘુમ થયો છે અને કંપનીની જો હુકમી સામે ભારે નારાજગી વ્યકત કરી રહ્યો છે.

આ આક્રોશના ભાગરૂપે સુરત જિલ્લાના મોટી સંખ્યામાં ખેડુતો એકઠા થઈને સીધા કલેકટર કચેરીએ પહોચ્યા હતા. ખેડુતોએ કલેકટર



કચેરીના કંમ્પાઉન્ડમાં પાવરગ્રીડ કંપની અને તંત્ર વિરૂધ્ધ જોરદાર સુત્રોચ્ચાર કરીને વાતાવરણ ગરમ કરી દીધુ હતું. પોતાના હક્ક માટે લડી લેવાના મુડમાં દેખાતા ખેડુતોએ આવેદનપત્ર આપીને પોતાનો ઉગ્ર વિરોધ નોંધાવ્યો હતો અને ન્યાયની માંગ કરી હતી. ખેડુતોનો મુખ્ય આક્ષેપ એ છે કે પાવરગ્રીડ કંપની દ્વારા તેમના મોંઘા મુલ ના ખેતરોમાંથી લાઈટો પસાર થઈ રહી છે. પરંતુ જમીન સંપાદન અને તેના બદલામાં મળવાપાત્ર યોગ્ય વળતર અંગે કંપની કોઈપણ જાતની સ્પષ્ટતા કરી રહી નથી.

કંપનીના અધિકારીઓ ગોળ ગોળ જવાબો આપીને ખેડુતોને ગેરમાર્ગે દોરી રહ્યા હોવાથી ખેડુતો આર્થિક નુકશાનની ભીતી સેવી રહ્યા છે.

ખેડુતો આગેવાનોએ સ્પષ્ટ કહ્યુ છે કે જયાં સુધી પાવરગ્રીડ કંપની અને વહિવટી તંત્ર દ્વારા જમીનના વળતર અંગે લેખીતમાં ચોકકસ અને ન્યાયી સ્પષ્ટતા કરવામાં નહી આવે ત્યાં સુધી તેઓ પોતાના ખેતરોમાં કોઈપણ પ્રકારનુ કામ કરવા દેશે નહી. જો તંત્ર દ્વારા આગામી દિવસોમાં ખેડુતોના હિતમાં નિર્ણય નહી લેવામાં આવે તો આ આંદોલનને વધુ ઉગ્ર બનાવવાની ચીમકી પણ ઉચ્ચારવામાં આવી છે.

## ઝાલોદ તાલુકાના અનવરપુરામાં ૨૩ વરસની માતાએ ૨ ફુલજેવી દિકરીઓ સાથે કુવામાં કુદીને ટુંકાવ્યુ જીવન

પ્રતિનિધિ,ગાંધીનગર

દાહોદ જિલ્લાના ઝાલોદ તાલુકાના અનવરપુરા ગામેથી એક અત્યંત આઘાતજનક અને હૃદય કંપાવનારી ઘટના બહાર આવી છે. અનવરપુરામાં એક ૨૩ વરસની પરણિતાએ પોતાની બે માસુમ બાળકીઓ સાથે કુવામાં ઝંપલાવીને સામુહિક આપઘાત કર્યો છે. આ કરૂણ ઘટનાને પગલે સમગ્ર પંથકમાં ભારે અરેરાટી અને શોકનુ મોજુ ફરી વળ્યુ છે.

મળતી વિગતો અનુસાર ઝાલોદ તાલુકાના અનવરપુરા ગામે રહેતા ૨૩ વર્ષીય સુનિતાબેન પપ્પુભાઈ કલારાએ કોઈ અગમ્ય કારણોસર આત્મઘાતી પગલુ ભર્યુ હતું. તેમણે પોતાની ૩ વરસની દિકરી પ્રાચી અને દોઢ વરસની



દિકરી વંશી સાથે ગામમાં આવેલા એક ઉંડા કુવામાં છલાંગ લગાવી દીધી હતી. માતા અને બંને માસુમ બાળકીઓ કુવાના ઉંડા પાણીમાં ગરકાવ થઈ ગઈ હતી. ગ્રામજનોને આ અંગેની જાણ થતા જ ઘટનાસ્થળે લોકોના ટોળે ટોળા એકઠા થઈ ગયા હતા અને તાત્કાલીક પોલીસ તેમજ સ્થાનિક વહિવટી તંત્રને જાણ કરવામાં આવી હતી. ઘટનાની માહિતી મળતા જ ઝાલોદ પોલીસ અને ફાયર બ્રિગેડની ટીમ ઘટના સ્થળે પહોચી હતી. ફાયર ફાઈટરોએ સ્થાનિક તરવૈયાઓની મદદથી કુવાના ઉંડા પાણીમાં શોધખોળ શરૂ કરી હતી.

કલાકોની ભારે જહેમત બાદ માતા સુનિતાબેન અને એક બાળકીનો મૃતદેહ કુવામાંથી બહાર કાઢવામાં સફળતા મળી હતી. માતા અને માસુમ બાળકીની લાશ જોતા જ ત્યાં હાજર તમામ લોકોની આંખો ભીની થઈ ગઈ હતી. જ્યારે અન્ય એક બાળકી હજુ સુધી ન મળતા ફાયરબ્રિગેડની ટીમ દ્વારા કુવામાં સતત સર્ચ ઓપરેશન ચલાવવામાં આવી રહ્યુ છે. એક સાથે એક જ પરીવારની ૩ જીંદગીઓ આ રીતે હોમાઈ જતા અનવરપુરા ગામ સહિત સમગ્ર વિસ્તારમાં માતમ છવાઈ ગયો છે. ૨૩ વરસની નાની ઉંમરે સુનિતાબેને આવુ આત્મઘાતી પગલુ કેમ ભર્યુ? તેની પાછળ કોઈ પારીવારીક ઘરકંકાસ, આર્થિક તંગી કે અન્ય કોઈ ગંભીર કારણ જવાબદાર છે કે કેમ તે દિશામાં ઝાલોદ પોલીસે પરીવારના સભ્યોની પુછપરછ શરૂ કરી છે અને આગળની કાયદેસરની તપાસ હાથ ધરી છે.

## દોઢ મહિનામાં ત્રીજો કિસ્સો: ભરૂચના બોરભાઠા ગામ પાસે કચરાના ઢગલામાંથી નવજાત શિશુનો મૃતદેહ મળ્યો

### હાંસોટ અને સંજાલીની ઘટનાઓ હજુ તાજી છે ત્યાં વધુ એક પાપ પ્રકાશમાં આવ્યું: પોલીસે તપાસના ચક્રો ગતિમાન કર્યા

(સંપૂર્ણ સમાચાર સેવા)અંકલેશ્વર

માનવતાને શર્મસાર કરતી અને હૈયું હચમચાવી દેતી વધુ એક ઘટના ભરૂચ પંથકમાં સામે આવી છે. ભરૂચ નજીક આવેલા બોરભાઠા ગામ પાસેના રોડ પરથી આજે એક નવજાત શિશુનો મૃતદેહ મળી આવતા સમગ્ર વિસ્તારમાં ચકચાર મચી ગઈ છે. કચરાના ઢગલા પાસે ફેંકી દેવાયેલા આ અવાજ વગરના માસૂમના લોહીલુહાણ કિસ્સાએ પંથકના લોકોને હચમચાવી દીધા છે.

પ્રાપ્ત વિગતો અનુસાર, બોરભાઠા ગામ પાસે પસાર થતા રોડ નજીક કચરાના ઢગલામાં એક નવજાત શિશુનો મૃતદેહ પડ્યો હોવાની જાણ સ્થાનિક રાહદારીઓ અને ગ્રામજનોને થઈ હતી.

કાળજું કંપાવી દે તેવા આ દૃશ્ય જોતા જ લોકોના ટોળેટોળા ઉમટી પડ્યા હતા. સ્થાનિક લોકોએ આ અંગે તાત્કાલિક પોલીસને જાણ કરી હતી. ઘટનાની ગંભીરતાને જોતા જ ભરૂચ શહેર એ-ડિવિઝન પોલીસનો કાફલો તાબડતોબ ઘટના સ્થળે દોડી આવ્યો હતો. પોલીસે નવજાત શિશુના મૃતદેહને પોતાના કબજામાં લઈ તેને પોસ્ટમોર્ટમ અર્થે સિવિલ હોસ્પિટલ ખાતે ખસેડાયો હતો અને અજાણી જનેતા સામે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

## દ્વારકા દર્શને ગયેલા ઉધનાના પરિવારના બંધ મકાનમાંથી ૩૦ લાખથી વધુની ચોરી

(સંપૂર્ણ સમાચાર સેવા)સુરત

સુરતના ઉધના વિસ્તારમાં ચોરીની એક ચોંકાવનારી ઘટના સામે આવી છે. ઉધનાની શિવ નગર સોસાયટીમાં રહેતો રાણા પરિવાર જ્યારે દ્વારકા દર્શને ગયો હતો, ત્યારે તસ્કરોએ તેમના બંધ મકાનને નિશાન બનાવી લાખોની મતા પર હાથ સાફ કર્યો હતો.

ચોરીની આ સમગ્ર ઘટના આસપાસના સીસીટીવી કેમેરામાં કેદ થઈ ગઈ છે. મળતી માહિતી મુજબ, ગત ૧૩મી જૂલાઈના રોજ ફરિયાદી ભારતીબેન રાણા તેમનો આખો પરિવાર અને અન્ય સંબંધીઓ સાથે દ્વારકા દર્શન કરવા માટે ગયા હતા. પરિવાર દ્વારકા હતો તે દરમિયાન સુરતમાં રહેતા એક સંબંધીનો તેમના પર ફોન આવ્યો હતો અને જણાવ્યું હતું કે તેમના મકાનનું તાળું તૂટેલું છે. આ સાંભળતા જ પરિવારના પગ નીચેથી જમીન સરકી ગઈ હતી. આખો પરિવાર તાત્કાલિક દ્વારકાથી સુરત પરત ફર્યો હતો. ઘરની પરિસ્થિતિ જોઈને ફરિયાદી ભારતીબેન રાણા અને તેમનો આખો પરિવાર ચોધાર આંસુએ રડી પડ્યો હતો. ભારતીબેને રડતા-રડતા પોલીસ અને ભગવાન પાસે તેમનો ચોરી થયેલો સામાન પાછો મળી જાય તેવી આશા વ્યક્ત કરી હતી.

પરિવારના જણાવ્યા અનુસાર, તસ્કરો સોનાના ૧૫ બિસ્કીટ, ચેન, બુટ્ટી અને ૧.૬૫ લાખની રોકડ સહિત ૩૦ લાખથી વધુની મતા ચોરી ગયા છે. જોકે, પોલીસે સોનાના જૂના ભાવ ગણીને ચોપડે માત્ર ૭.૪૧ લાખની ચોરી દર્શાવી હોવાનું સામે આવ્યું છે. ઘટનાની જાણ થતાં જ ઉધના પોલીસનો કાફલો ઘટનાસ્થળે દોડી આવ્યો હતો.

પોલીસે જ્યારે આસપાસના સીસીટીવી ફૂટેજ તપાસ્યા ત્યારે મધરાત્રે બે શખ્સો બાઈક પર આવતા જોવા મળ્યા હતા. ઓળખ છુપાવવા માટે આ તસ્કરોએ બાઈક પર રેઈનકોટ પહેરેલો હતો. સમગ્ર મામલે ઉધના પોલીસે ગુનો નોંધીને સીસીટીવી ફૂટેજના આધારે રેઈનકોટધારી બંને શખ્સોને પકડવા અને મુદ્દામાલ રિકવર કરવા માટે ચક્રો ગતિમાન કર્યા છે.